# સતવેણી મોટી નાની અને સી હરફી.

(કિંમત રૂ ૨) સન ૧૯૨૪

# સતવેણી મોટી નાની અને સી હરફી.

[redacted]

કિંમત રૂ ૨)　　　　સન ૧૯૨૪

realpatidar.com

*H. H. Sir Sultan Mahomed Shah Agakhan.*

G. C. S. I. LL. D. G. C. V. O. Etc.

**HAZAR IMAM,**



હાજર ઈમામ.

# સતવેણી મોટી.

( પાઠ ૨૨૨ )

રચનાર.

સૈયદ નરમહમદશાહ બીન ઈમામશાહ.

આવૃતી ૩ જી નકલ ૧૦૦૦

છાપનાર તથા પ્રગટ કરનાર.

ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટ્યુટ પ્રેસ ડીપાર્ટમેન્ટના ઓ. સેક્રેટરી

હુસેનભાઇ શરીફે ધી ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ ૧૦૦–૧૦૬

પાલખી મહોલ્લા મુંબઇ નાં. ૯ માં છાપી ત્યાંથીજ પ્રગટ કર્યું.



સંવત ૧૯૮૦] [સન ૧૯૨૪

# પ્રસ્તાવના.

**જ**માનો જમાનાનું કામ કરે છે. ઇસમાઈલી દીનના પ્રચારક મહાત્માઓ **પીર સદરદીન, પીર હસન કબીરદીન** વગેરે તેઓના જમાનાના **હાજર ઇમામો**નાં ખાસ ફરમાનથી **સતપંથ** યાને ઇસમાઇલી દીનનો ફેલાવો કરવા હીંદુસ્તાનમાં પધાર્યા અને હિંદુ ધર્મમાંથી વટલાવી સીધી સડક બતાવી રાહે રાસ્તપર જે લોકોને લાવ્યા, તેમનુ નામ **ખોજા** પાડવામાં આવ્યું. **ખોજા**નો અર્થ માનવંતા થાય છે એટલે કે **ખોજા** શબ્દ માનભરેલો શબ્દ છે. આવો લકબ તેજ લોકોને આપવામાં આવ્યો હતો કે જેઓએ નુરે વહદાનીયતની ખરી સડક સમજી, ઇમામે ઝમાનની શનાતખ મેળવી હતી.

મજકુર મહાત્માઓએ અસલ ઇરાન કે જ્યાં તે વખતના ઈસમાઇલી નીઝારી ઇમામો વસ્તા હતા, તે તરફથી આવી, હીંદુસ્તાનની ભાષાઓમાં ઇલ્મ સમજાવ્યું. **પીર સદરદીન, પીર હસન કબીરદીન** વગેરે પીરો આશરે સાડાચારસો વરસ પહેલાં હિંદુસ્તાનમાં આવ્યા અને પોતાના કુટુંબ સહિત વાસ કર્યો, તેઓનું કામ ફકત બોધ કરવાનું અને મુરીદો વધારવાનું હતું. તેઓના મહાન પ્રયાસથી લાખો હિંદુઓએ ઇસમાઇલી દીન અખત્યાર કર્યો અને પીરોના બોધ મુજબ અમલ કરવો શરૂ કર્યો પણ તેઓમાં કેટલાકો હીમતના અભાવે કે બીજાં કોઈ દુન્યવી કારણને લઇને **ખોજા** લકબ ધારણ કરવાને નશીબવંત બન્યા નહીં.

અત્યારે ઇસમાઇલી દીનની ક્રિયાઓ અને ઇલ્મ લાખો માણુસ પડે છે અને તે ફકત પીરોની મહાન ઝહેમતનું પરીણામ છે. જો **પીર સદરદીન, પીર હસન કબીરદીન** વગેરે પીરોના બોધ ઉપર તે મહાન પીરોના ફરજંદ ચાલ્યા હતે તો આજે લાખો બલ્કે કરોડો હિંદુ **શુધ્ધ ઈસમાઇલી** યાને **શીયા ઇમામી ઇસમાઇલી** હતે.

ઇસ્લામને આવો મોટામાં મોટો ધક્કો પહોંચાડનાર ફકત તે મહાન પીરોના ફરજંદો જ હતા કે જેઓ દુનીયાની લાલચમાં લપટાઈ પોતાના પાક હાજર ઈમામનો હક ખાઇ જવા લાગ્યા અને મુરીદોને ઉંધે રસ્તે દોરી જવા લાગ્યા. દાખલા તરીકે **પીર હસન કબીરદીન**ને અઢાર ફરજંદો હતા તેમાં **પીર ઇમામશાહેજ** ફકત હાજર ઇમામની શનાખત રાખી હતી અને એક મીશનરી તરીકે કામ કરવાની રજા મેળવી હતી. **પીર ઇમામશાહ** ઇસિમાઇલી પીર હતા નહીં. તેમ તેઓને તેવો મરતબો આપવામાં આવેલ હતો નહીં. તે વખતે એટલે **પીર હસન કબીરદીન**ની બાદ પીરની ગાદી **પીર તાજદીન**ને આપવામાં આવી હતી. પીરની ગાદી વંશપરંપરા ઉતરી આવે એવો કાંઇ નીયમ નથી. **હાજર ઇમામ** જેને પોતા

તરફથી પીરની પાઘડી આપે તેજ પીર કહી સકાય. બાકી તેવા પીરની નીચે અનેક મીશનરીઓ નીમી શકાય અને તે મુજબ **પીર હસન કબીરદીન** બાદ **પીર તાજદીન** થયા અને **ઇમામશાહ** મીશનરી તરીકે કામ બજાવતા હતા, બાકીના **પીર હસન કબીરદીન**ના સતર ફરજંદોએ પોતપોતાના જુદા અનુયાયીયો કરી લઇ પોતાને પીર તરીકે મનાવવા લાગ્યા અને ઇમામની શનાખતથી મુરીદોને બેનશીબ રાખ્યા તેમને માટે **સઇયદ નરમહમદશાહે** કહ્યું છે કે:—

**એસા હાલ ઉનકા જો હુવા, અઢારમાંસું સતર જો મુઆ;**
**સારે મુનીવર સબ ગયેસો ફરી, ગુરકે બોધસું નવ આયે વળી;**
**નરજીકું ખબર જબ સરવે હોઇ, ગુરજી તાજદીનસે હોઇ સોઇ.**

એ મુજબ ફકત **ઇમામશાહ** સિવાયના અન્ય ભાઇઓ મુઆ યાને આ પાક દીનથી ફરી ગયા અને હાજર ઇમામની શનાખતથી દુર રહ્યા અને **પીર ઇમામશાહ** અમદાવાદ પાસે પીરાણા નામે ગામમાં આવી રહ્યા અને હાજર ઇમામ તરફથી મીશનરી તરીકે કામ કરવા લાગ્યા અને હજારો હિંદુઓને સત્પંથપર લાવવાને પ્રયત્ન કરવા લાગ્યા અને તેવી કોશેશનાં પરીણામે હજારો **કાચ્છીયા** વગેરે જાતો ઇસમાઇલી દીનમાં દાખલ થઈ.

આ બુક **સતવેણી મોટી**ના રચનાર **સઇયદ નર મહમદશાહ** તે **પીર ઇમામશાહ**ના ફરજંદ થાય, જેવણ પણ પોતાના પીતાનાં પગલે ચાલી, પોતાના પીતાના કામમાં મદદ કરવા લાગ્યા અને **સતવેણી** વગેરે ગ્રંથો બનાવી સતપંથનો સારો પ્રચાર કર્યો.

તેમના બાદ થયેલા તે કુટુંબના સઇયદો તથા કબરોના મુજાવરોએ લોભ અને લાલચમાં લપટાઈ હાજર ઇમામની શનાખત છોડી દીધી અને દસોંદ અને ઇમામના હકોનો પોતે ઉપભોગ કરવા લાગ્યા. એ મુજબ આવા કળીકાળના સખ્ત પરિવર્તનથી લાખો હિંદુઓ ખોજા લકબ ધારણ કરવાને નાલાયક રહી ગયા, એ કંઇ ઇસલામને જેવો તેવો ધક્કો પહોંચ્યો કહેવાય નહીં.

આ **સતવેણી**ના રચનાર **નર મહમદશાહે** આ કિતાબમાં મારફતનો ઘણો સારો બોધ કરેલો છે અને લગભગ દોઢસો વીષયોને બસોબાવીસ પાઠમાં ઘણીજ સરસ રીતે સમજાવેલ છે. જો તેમના અનુયાયીયોએ લેશ પણ બોધ આવાં નિઃસ્વાર્થી લખાણમાંથી લીધો હતે તો આજે જે તેઓની હાલત **અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ** જેવી રહી ગઇ છે, તે રહેવા પામતે નહીં.

આ પુસ્તક આજ સુધી સીંધીમાં છપાતું હતું અને તેની અનેક આવૃતીઓ તેજ ટાઈપમાં ખપી જવા પામી છે અને હજુ પણ અમારી પાસે તેની ઘણી નકલો બાકી છે, પણ અમોને એવો ખ્યાલ આવ્યો કે આવાં પુસ્તકો જો ગુજરાતીમાં બહાર પાડવામાં આવે તો જે અયોગ્ય હુમલા આપણા પાક ઇસમાઇલી દીન ઉપર વીરોધીઓ તરફથી થાય છે, તેમના જવાબનું કામ આવાં ગુજરાતી પુસ્તકો સારે અને તેજ હીસાબે અમોએ આ પુસ્તક બહાર પાડયું છે.

ગુજરાતીમાં જ્ઞાન શાસ્ત્રો બહાર પાડવાની વીરૂધ્ધમાં જો કોઈ શખ્સ હોય તો તેમને જવાબ માટે આપણા પાક હાજર ઇમામનું નીચેનું ફરમાન બસ થશે.

(તા० ૮ મી મારચ ૧૯૦૮ મુંબઈની વાડી)

**"દીનજે કમમે ઉતેજન દીઓ. દીનજી ફારસી તથા અરબી કીતાબેજો ગુજરાતીમેં તરજુમો કરાએ ને છપાયો. આંજે બચ્ચેકે દીન ઇસમાઇલીજો રસ્તો બરાબર દેખાડીઓ. ઉનીકે દુઆ સફા ગીનાન ઇલમજી સમજણ દીઓ, તીણીખે કના બહેતર આહે કે મુજે મુખ મુબારક મીંજાથી નીકરેલા ફરમાન સીખાયો. ઇસમાઈલી દીનજી ઉનીકે યાદ દીણ લાય સ્કુલમે તથા લાઇબ્રેરીમે ઉનીકે હલાયો. એરી રીતે પાંજે દીનજી મજબુતી કયો. દીનકે ટેકો દીણમેં આંજો વખત ગુજારો. આંથી બની શકે ત દીનજી ચહડતીજે વાસ્તે કોશેશ કયો અને આંમે હીમ્મત હોય ત દીન ધર્મજા પુસ્તક ગુજરાતીમેં છાપે ને ધર્મજો વધારો કયો."**

(ઈ. સિતારો પુ. ૩ જું અંક ૧–૨ પાનુ ૨૯)

કેટલાએક અજ્ઞાન વિરોધીઓ આપણા પાક શાસ્ત્રની કવિતાની ઢબને પિંગળ વિરૂધ અને ભાષાનું મીક્ષચર જણાવે છે, પણ તેઓએ ખાસ યાદ રાખવું જોઇએ કે પીરોએ પોતાનો પાક હેતુ બર લાવવા ખાતર લોકો સમજે તેવી ભાષામાંજ શાસ્ત્રો રચેલાં છે અને તે એવી સહેલી અને સાદી ભાષામાં છે કે સિંધ, કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, અને પંજાબનો કોઇપણ શખ્સ ઘણીજ સહેલી રીતે સમજી શકે. હેતુસરના કામને ભાષા દોષ જેવા નજીવા દોષનાં બહાના હેઠળ વખોડી કહાડનાર ફકત પોતાની મુર્ખાઈજ બતાવે છે.

સીંધી હરફ નહી જાણનાર માટે આ બુક ખરેખર આશીર્વાદરૂપ નીવડશે અને આપણાં પાક શાસ્ત્રનું જ્ઞાન નહીં ધરાવવાથી એકતરફી વલણ રાખનારને માટે ખરી સમજણ લેવાનું આ બુક સાધન થશે, એવી અમને સંપુર્ણ આશા છે.

પ્રગટ કર્તા.

# સાંકળિયું.


| નંબર. | વિષય. | પાનું. |
|---|---|---|
| ૧ | તારીફ રસુલે દીનકી | ૧ |
| ૨ | સતગુરૂ ગીનાનકી તારીફ | ૧ |
| ૩ | દીનકી તારીફ | ૨ |
| ૪ | પરબોધ નશીહત | ૨ |
| ૫ | દીલ રોશન કરણાં | ૩ |
| ૬ | દેહા ફાનીકા મહેલ | ૩ |
| ૭ | દેહ ફાની | ૪ |
| ૮ | માયા ચરીત્ર | ૫ |
| ૯ | કસણી ઝીકર | ૮ |
| ૧૦ | ફકીરીકી ખુબી | ૯ |
| ૧૧ | ફકીરી આદમ શફી અલ્લાહકી | ૧૦ |
| ૧૨ | ,, નુહ નબીકી | ૧૦ |
| ૧૩ | ,, મુસા નબીકી | ૧૧ |
| ૧૪ | ,, ઈસા નબીકી | ૧૧ |
| ૧૫ | ,, સુલેમાન નબીકી | ૧૧ |
| ૧૬ | ફકીરી પ્રેમકી | ૧૨ |
| ૧૭ | ,, ઝીકરીયા નબીકી | ૧૨ |
| ૧૮ | ,, ઇબ્રાહીમ આદમકી | ૧૨ |
| ૧૯ | ,, નબી મહમદકી | ૧૩ |
| ૨૦ | ,, અયુબ નબીકી | ૧૩ |
| ૨૧ | ,, ઈબ્રાહીમ નબીકી | ૧૪ |
| ૨૨ | ,, બીબી ફાતમાકી | ૧૪ |
| ૨૩ | પતિવ્રતાકો અંગ | ૧૫ |
| ૨૪ | સોહાગનકી રીત | ૧૫ |
| ૨૫ | સોહાગનકી ચાલ | ૧૫ |
| ૨૬ | શોહાગપણા રાબીયાકા | ૧૬ |
| ૨૭ | સોહાગ મેંદીકા | ૧૬ |
| ૨૮ | પ્રેમ પ્રીતકી રીત | ૧૬ |
| ૨૯ | વિરહવંતકી રીત | ૧૭ |
| ૩૦ | કાયા હાંડી પકાનેકા વિરહ | ૧૭ |
| ૩૧ | રસુલકા વિરહ | ૧૭ |
| ૩૨ | વિરહ રાબીયાકી | ૧૮ |
| ૩૩ | રીત વિરહકી | ૧૮ |
| ૩૪ | વિરહ પ્રેમકી રીત | ૧૮ |
| ૩૫ | પ્રેમ અગ્ની | ૧૯ |
| ૩૬ | પ્રેમ વિરહ | ૧૯ |
| ૩૭ | પ્રેમમે રાવણકા મીસાલ | ૧૯ |
| ૩૮ | પ્રેમ વિરહ | ૨૦ |
| ૩૯ | સતીકા મીસાલ | ૨૦ |
| ૪૦ | સતી અંગ | ૨૧ |
| ૪૧ | સતીકા દ્રષ્ટાંત | ૨૧ |
| ૪૨ | પતંગ દ્રષ્ટાંત | ૨૧ |
| ૪૩ | સતીકા પ્રેમ | ૨૨ |
| ૪૪ | બિન પ્રીતકો અંગ | ૨૨ |
| ૪૫ | રસ બિન પ્રીતકો અંગ | ૨૩ |
| ૪૬ | રસ બિન રસ પ્રીત | ૨૩ |
| ૪૭ | રસ પ્રીતકી રીત | ૨૩ |
| ૪૮ | જીવન મુકતકી ચાલ | ૨૪ |
| ૪૯ | પ્રેમ જાલકા અંગ | ૨૪ |
| ૫૦ | લયલી મજનુંકા મીસાલ | ૨૪ |
| ૫૧ | સોના કસોટીકા મીસાલ | ૨૫ |
| ૫૨ | સોનેકા મીસાલ | ૨૫ |
| ૫૩ | પાણી મછલીકા મીસાલ. | ૨૫ |
| ૫૪ | મછલી પાણીકી પ્રીત | ૨૬ |
| ૫૫ | મછલી પાણીકા મીસાલ | ૨૬ |
| ૫૬ | પ્રેમ પ્રીતકી રીત | ૨૬ |


realpatidar.com

| નંબર. | વિષય. | પાનું. |
|---|---|---|
| ૫૭ | પ્રેમ શુરાતનકી રીત | ૨૭ |
| ૫૮ | પ્રેમ સતીકા આપખોણા | ૨૮ |
| ૫૯ | પ્રેમ આપ ગમાણેકા | ૨૮ |
| ૬૦ | પ્રેમ આપ ખોનેકા | ૨૮ |
| ૬૧ | આપગમાણેકા મીસાલ છાસ મસકેકા | ૨૯ |
| ૬૨ | છાસ મસકેકા મીસાલ | ૨૯ |
| ૬૩ | દેહા ખોણેમેં મીસાલ શીપ મોતીકા | ૨૯ |
| ૬૪ | જોગકી રીત | ૩૦ |
| ૬૫ | જોગ ભેખકા | ૩૦ |
| ૬૬ | ઘટ અંદર કાસલ શોધન | ૩૦ |
| ૬૭ | માંહે કાસલકા મીસાલ મછીકા | ૩૧ |
| ૬૮ | કાસલકા મીસાલ કલઇકિ | ૩૧ |
| ૬૯ | કલઇકિ મીસાલ | ૩૧ |
| ૭૦ | કાસલ શોધનકી જુગતી | ૩૨ |
| ૭૧ | ભીતરકા કાસલ | ૩૨ |
| ૭૨ | કાસલ ભીતર | ૩૨ |
| ૭૩ | મકર મગતીકા | ૩૩ |
| ૭૪ | મીસાલ મગતીકા | ૩૩ |
| ૭૫ | દુકાનદારકા મીસાલ | ૩૩ |
| ૭૬ | મુલાં ઓર શેખુંકા શીજરા | ૩૪ |
| ૭૭ | શેખ મશાએખ | ૩૪ |
| ૭૮ | મશાએખકા બયાન | ૩૪ |
| ૭૯ | ભેખધારીકા મકર | ૩૬ |
| ૮૦ | મશાએખકા મકર | ૩૬ |
| ૮૧ | અંતર શોધન | ૩૭ |
| ૮૨ | ગુરૂ ભેદકી રસાયણ | ૩૭ |
| ૮૩ | ગુરૂ ભેદ | ૩૭ |
| ૮૪ | પરબોધ નશીહત | ૩૮ |
| ૮૫ | મીથ્યા ભેખ | ૩૮ |
| ૮૬ | સત બાતસેં નીજાત હોવે | ૩૮ |
| ૮૭ | દો નાવુંકી વીગત | ૩૯ |

| નંબર. | વિષય. | પાનું. |
|---|---|---|
| ૮૮ | એક મન થાવું | ૩૯ |
| ૮૯ | પ્રેમકી પોથી | ૪૦ |
| ૯૦ | પ્રેમ સાચા | ૪૧ |
| ૯૧ | ભકિત તથા મીથ્યા સીદ્ધિ | ૪૧ |
| ૯૨ | સીદ્ધિ મીથ્યાકી સમજ | ૪૧ |
| ૯૩ | બેટેકી પ્રીત બાપસું | ૪૨ |
| ૯૪ | માટીકી દેહકા બયાન | ૪૨ |
| ૯૫ | માટીકી દેહા આખર ફના | ૪૨ |
| ૯૬ | કાચી માટીકી સમજ | ૪૩ |
| ૯૭ | માટીકી દેહા | ૪૩ |
| ૯૮ | કાચી મીટી અંતે નાશ | ૪૩ |
| ૯૯ | ખોટી દુનીયા | ૪૪ |
| ૧૦૦ | દુનીયા ફાની | ૪૪ |
| ૧૦૧ | ખુદાકા ખેલ | ૪૪ |
| ૧૦૨ | જુઠી દુનીયા | ૪૫ |
| ૧૦૩ | કરતા હરતા ખુદા હય | ૪૫ |
| ૧૦૪ | કીસમતકા બાટા | ૪૫ |
| ૧૦૫ | કીસમત | ૪૬ |
| ૧૦૬ | રાતમેં બંદગીકી ખુબીકા ઝીકર | ૪૭ |
| ૧૦૭ | રાતકી ખુબી | ૪૭ |
| ૧૦૮ | દેહા રેહેણીકી ખુબી | ૪૮ |
| ૧૦૯ | દેહકી ખુબી | ૪૯ |
| ૧૧૦ | દેહ આત્માકા દ્રષ્ટાંત પારે ગંધકકા | ૪૯ |
| ૧૧૧ | દેહા આત્માકા દ્રષ્ટાંત | ૪૯ |
| ૧૧૨ | દેહા આત્મા | ૫૦ |
| ૧૧૩ | દેહા ઝીકર | ૫૦ |
| ૧૧૪ | દેહકા ઝીકર | ૫૦ |
| ૧૧૫ | આત્માકા દ્રષ્ટાંત સુરજકા | ૫૧ |
| ૧૧૬ | ગુરૂ મહીમા | ૫૧ |
| ૧૧૭ | ગુરૂ ભેદ | ૫૨ |
| ૧૧૮ | મુરશદકા ભેદ | ૫૨ |

| નંબર. | વિષય. | પાનું. |
|---|---|---|
| ૧૧૯ | ગુરૂ મહીમા | ૫૨ |
| ૧૨૦ | આત્માકી પ્રાપ્તી | ૫૪ |
| ૧૨૧ | કાચે પાકેકા દ્રષ્ટાંત | ૫૪ |
| ૧૨૨ | કાચે પાકેકા મીસાલ | ૫૫ |
| ૧૨૩ | કાચે પાકેકા સ્વાદ | ૫૫ |
| ૧૨૪ | દાસીકા ભાવ રાજાસું | ૫૫ |
| ૧૨૫ | ઝીકરકા બયાન | ૫૬ |
| ૧૨૬ | ઝીકરકી ખુબી | ૫૬ |
| ૧૨૭ | હવા હીરસકી વીગત | ૬૬ |
| ૧૨૮ | હવા હીરસ દીલકા હીલા | ૬૬ |
| ૧૨૯ | ખતરે દીલકા હીલા | ૬૭ |
| ૧૩૦ | મુરશીદકી મહીમા | ૬૭ |
| ૧૩૧ | મીરાં સઇયિદખાનકી તશનીફ | ૬૮ |
| ૧૩૨ | વીલાયત | ૬૮ |
| ૧૩૩ | સતગુર મારગ | ૬૮ |
| ૧૩૪ | અસત ઔર સતપંથકા મહેલ | ૬૯ |
| ૧૩૫ | સતપંથકી નીશાની | ૬૯ |
| ૧૩૬ | આશકુંકી રીત | ૬૯ |
| ૧૩૭ | નબીયુંકા રસ્તા | ૭૦ |
| ૧૩૮ | નબીકા દીન | ૭૦ |
| ૧૩૯ | પયરવી રસુલકી | ૭૧ |
| ૧૪૦ | પયરવી રસુલ મીસાલ હઝરતઅલી | ૭૧ |
| ૧૪૧ | પયરવી રસુલ મીસાલ મેહેદી સાહેબ | ૭૨ |
| ૧૪૨ | દોર આખર જમાનેકા | ૭૨ |
| ૧૪૩ | પયરવી રસુલકી | ૭૨ |
| ૧૪૪ | મુરશીદકી શીફત | ૭૩ |
| ૧૪૫ | આત્મા પ્રાપ્તી વાસલ હક | ૭૩ |
| ૧૪૬ | વાસલ હકકી ખુબી | ૭૩ |
| ૧૪૭ | નામું સઇયદખાનજો | ૭૪ |
| ૧૪૮ | સઇયદ ફતેહઅલીકી તશનીફ | ૭૪ |
| ૧૪૯ | નામું ફતેહઅલીજો | ૭૪ |




# સતવેણી મોટી.

### અલહમ્દો લીલ્લાહ.

પહેલા સરજણહાર વખાણો, હરી નામ જપતાં શક ન આણો;
જીસથી રહેશે દુજા ફેરા, જો તમે જાણો બહોત બહોતેરા.
દુજા સત નબીકા સાચા, જેસી કરણી તેસી વાચા;
જીભીયા આંખો સુરીજન ભાવા, સાચા થા સો તો કેડે દાવા.
જગ સારા જેણે જુઠા કરી જાણા, સો આપણે સુરીજન સાથ સંધાણા,
રે તુંહી, સાચા સાંહીંઆ પીયુજી...
સાચા થાશો સાચશું, ખેલ ગયા મેદાનરે;
કુડે શાહા ન પાયા, સો ફોકટ ફીરે નાદાનરે. ૧

### (૧) તારીફ રસુલે દીનકી.

સતકી બાતા જીને સાચી જાણી, ગયરસો અપણે દીલ ન આણી;
અવર બીદાએત દાવે લાગા, ગફલત ધોકે ચોંક ન જાગા.
નવ સો બરસ જગ ભએ રસુલા, સાચે મારગ કોઇ ન ભુલા;
મોઢે દીન ને દીલમાંહે ખોડી, રસુલ ચલે સો બાટાં છોડી.
સત પાખે કેમ પારજ પાઈએ, જીસથી સત તે કેડે જાઇએ;
રે તુંહી...
સાચી બાટ રસુલકી, અને સાચા એહી સેરરે;
જે કોઈ ચાલ્યા સત વિના, સો પડીઆ મોટે ફેરરે. ૨

### (૨) સતગુર ગીનાનકી તારીફ.

નબી મહમદ જુગમાં આયા, તીસથી ચાંદ્રણા મારગ પાયા;
બાટ સુધી સો ઉને દીખલાઈ, રીત રસમ સબ શાહાકી પાઇ.
પંથી કોઇ ખોટા ન હોવે, ચાંદ્રણે મારગ સબ કોઈ જોવે;
તિસ અજવાલા આગલ કીના, જે જીવ જાયે પ્રેમ માંહે ભીના.
સતવેણી તીસ ધરીયા નામ, જીસ ઘર પીયુકા પાઇએ ઠામ;
રે તુંહી...
સિદક મુરશીદ આપણા, કેતા કહીયા સો બોલરે;
બાટજો સગલી સતકી; સો આન દીખાઇ ખોલરે. ૩

### (૩) દીનકી તારીફ.

દીનકા ચલણાં સો ખંડા ધાર, સાચ પાખે કેમ પાઇએ પાર;
બાટ મુશકીલ સો થોડું પાઈ, જે કોઈ ભેટે આપ ગમાઇ.
અવર સો દાવા માંહે વિગુતા, અંધા અત્રીઆલ વિખમા ખુતા;
જો કોઇ પ્રેમે સાચ બંધાણાં, સો સબ દીનકે સાથ સંધાણાં.
સતકી બાટે કસણી મોટી, સો કીયું સહેવે નીયત ખોટી;

રે તુંહી...

સાચા પંથ એહી સતકા, અને સાચા એહી સાથરે;
શીશ ગમાઇએ ઇસ વાટમે, તબજા આવે હાથરે. ૪

### (૪) પ્રબોધ નસીહત. (પાઠ ૫ થી ૭)

સાચા સાચા સબ કોઈ જાણે, પરગટ હોયસે અપણે ટાણે;
રાત અંધારી કામ જો કીજે, તો પરભાતે ઉતર કીયું કર દીજે.
સુધા હો કર ચલીએ બાટે, તોજા પોહોંચે સાચજ માટે;
સાચા સાચા એહી ગીનાન, છાનાં પરગટ સુરીજન ધીયાન.
ચોરી કીજે જો જો કામા, પરગટ હોયસે અપણે ઠામાં;

રે તુંહી...

છાની ચોરી કીજીએ, અને કુડ છીપાઇએ સબરે;
આગલ જાતાં જાણશો, સહી પરગટ હોયસે તબરે. ૫

એમ દયાળજી પારખું કહીએ, કુડ કપટ સહુ પરગટ લહીએ;
ઉસકું કુડ સો કીયું ન સુજે, દીલકી બાતાં જો સબ કુછ બુજે.
જીસકું સુજે બાલું બાલાં, ઉસકે આગે ન હોયસી ટાલા;
આપ સંભાળો મુરખ લોકાં, હસી હસી કીજે શાહાસું ભોગા.
માંહે કાસલ પાકજ કીજે, તોજા ઉતર પરગટ દીજે;

રે તુંહી...

મનમાંહે કીજે નિરમલા, તો પાપજ હોવે બેહરે;
ચાંદ્રણે બેઠા બેલીએ, સુરીજન સાથે નેહરે. ૬

પીયુસું ચાવા કીજે નેહ, તેમ તેમ કુડજ હોવે એહ;
નબીકુ અપણા સુરીજન ભાવા, ચાંદ્રણાં હુઆ સો સીર લગી પાવા.
તોજા બાટ સુધી સો પાઇ, સુખશું એઠા મિંદર જાઈ;
જીસમાં અંધેરા તિલબી રહેતા, તિતનાં ઉસકું નેહ ન દેતા.
એલમ અજવાળે નેણે દેખો, સાચી ઉમત સોઈ વિસેખો;
રે તુંહી...
ચાંદ્રણાં નીરમલ કીજીએ, તો ચલ કર લીજે પારરે;
ચાંદ્રણાં દીસે નીરમલા, બાકી ચઉદસ ગોડ અંધારરે. ૭

## (૫) દીલ રોશન કરણા.

પખ ચાંદ્રણાં આણ દીખાવે, પખ અંધારા કછુ કામ ન આવ;
માસ સારા જો ચાંદ્રણા હોવે, સારી રહેણી તો સુખસું સોવે.
ચંદા સુરજ દોય પડયા દુર, માંહે ન આવે ચાંદ ન સુર;
માંહેકી કાસલ જો પાકજ હોવે, તો સુરીજન સુખડા પરગટ જોવે.
જીને કિને મિતે કાના ચાવા, તિન ચાંદ્રણે જોત સુરીજન પાવા;
રે તુંહી...
ચંદા સુરજ દોએ નીરમલા, દોએ એ હય મિંતરે;
તીલબી અંધારા જાં રહાયા, તીસથી બીછડયા ચિંતરે ૮

## (૬) દેહ—ફાનીકા મહેલ.

એ જીવ જાણો જુગ અંધારા, બાજ ચાંદરણે કેમ પાઇએ પારા;
ભાદરવે કેરી આયે રાતા, કછુ ન સુજે હાથું હાથાં.
ફીર ફીર ચુંદી મનમાંહે લાવે, અંધા બટાઉ કયું કર પંથડા પાવે;
બાહો બંધ આ જુગ જાણો, પરતક એહી તમે દેખ પીછાણો.
નદીએ પુરજ કેસા સો આવે, પલ માંહે સારા ઉતર જાવે;
રે તુંહી...
જેસા બાહો બંધ હય, તેસા આ સંસાર રે;
આવતાં આવે જોરમાં, તેને જાતાં ન લાગે વારરે. ૯

## (૭) દેહ ફાની (પદ ૧૦ થી ૧૨)

જીયું દો પોહોરકી આહે છાઇ, થીર ન રહેવે એક તીલ કાંઇ;
ઇસકે કેઉ કીયું જનમ ગમાવે, જયું રૂખાં છાંઇ ફીરતી જાવે.
પહેલી કુંપલ અતી સોહાવે, પોહોતે દાડલે સબ ખર ખર જાવે;
કીસે ન હોવે એ નીવારણ, જેસી પીપલ જડ ગઇ પાન.
મેરી મેરી કર કર થાકે, અંધા અત્રીઆલે સો સબ રાખે;

રે તુંહી...

કુંપલ ખેલ દેખ કર, મત જાય ભુલાયરે;
પોહોતે આપણે દાડલે, સારી ખીર ખીર જાયરે. ૧૦
જાતાં દેખો તમે આ સંસાર, કાલકા કેસા ધરીએ પીયાર;
જે કોઇ આયા રહ્યા ન કોઈ, પાણીથી જયું પરપોટા હોઈ;
પહેલા આદમ દોસ્ત ઉપાયા, આવતા દેખા જાતા ન જાણ્યા.
દો આલમકા રાજા કીયા, ઉસેભી આખર રહેણુ ન દીયા;
જો કોઈ આયા ચલીયા સોઇ, ઇસ માંહે રહેતા ન દેખું કોઈ.

રે તુંહી...

જીસ ઘર રહેણ ન પાઇએ, હઇયા ન બાંધો તીતરે;
જયું પરદેશી પરોણલા, સો રહ્યા ઉઠાઇ ચિતરે. ૧૧
જબ લગ હરીયા ખેતજ આય, તબ લગ વહેલા ન ચેતો કાંય;
લોક કુટુંબ સબ જારજ કહીયે, હક કી નીપજ ટોટે રહીએ.
પીયુકી રસાયણ આવણ લાગી, ખોટી કરણી સબ નીકલ ભાગી;
જાર સબ કોઇ ખડી ન રહેવે, દુંખ દોહેલા ઇતના સહેવે.
સબ કોઈ આયા રસકે કાજે, સુકી ખેતી સબ નીકલ ભાગે;

રે તુંહી...

જબ લગ હરીઆ ખેત હય, તબ લગ આપ સંભારરે;
સબ કોઇ જાણો જાર હય, લોક કુટુંબ પરીવારરે. ૧૨

## (૮) માયા ચરીત્ર. (પાઠ ૧૩ થી ૨૩)

મેરી મેરી જીન કિન કીની, અપણે હાથે બાજી સો લીની;
પાપ સો જેતા કેતા આય, ફોકટ લેણા કારણ કાંય.
જુઠ સો જેતા કેતા આય, સો સબ છલીયા તરીયા લાય;
આખર રોટી વખતે ખાણા, ફોકટ માટે કયું પાપ લે જાણાં.
સરવ સવાદ માંહે કછુ ન પાઇયે, પાપે પેટ ભરતા જાઇયે;

રે તુંહી...

મેરી મેરી જો કરે, ઉસકી કરણી ખોટરે;
દીન દોયકે કારણે, પાપુ ભરણા પેટરે. ૧૩

જીને ઇસ તરીયાસું જીવડા લાયા, સાર સવાદ માંહે કછુ ન પાયા;
ઇસ તરીયાકું જો કોઇ લોભાણાં, ઉસકું જાણોરે ખરા અજાણા.
એ ધન અપણાં કીસકા ન હોવે, લાભ કારણ સુલજ ખોવે;
જગ ધુતારી એ હયે નારી, બુઢી હયે પણ રૂપ અપારી.
પુરા પારખું ઉસે બુધ ઉપાની, જીને ઇસ તરીઆકું જુઠી જાની;

રે તુંહી...

તરીઆ જુઠી જુઠ હય, ભાઇ જુઠી સદા કાલરે;
સબ જગકું ધંધે બાય કર. અને આપે રહેસે ટાલરે. ૧૪

ઇસ ખોટીકું કોઇ મત પતી આવે, જાતાં બટાઓકું બાટ ભુલાવે;
ઇસ તરીઆને સબ મોહી લીનાં, ગલે લગા કર અપનાં કીનાં.
કામણગારી એ હય નારી, એણે ધુતીયા અતી અધીકારી;
જેણે છોડી સો અતી માટી, ઉતર ગયા સો વીસમી ગાટી.
ઇસ તરીયાકું મત ધીરે કોઇ, એ ઘરવાળી કીસકી ન હોઇ;

રે તુંહી...

જેસા રંગ પતંગકા, તેસા આ સંસારરે;
ચટક કસુંબા રંગ હય, ઉસે જાતા ન લાગે વારરે. ૧૫

૨

ઇને વશ કરીયા અતી અધિકારી, જો ધુતાણે સો મુરખ ગમારી;
જીને કીને દેખી દરશન ખોલી, સો સબ ચાલે સીશજ ડોલી.
પુરે પારખું ઉને યું કર જાણી, કાચે ભાંડે ન રહેવે પાણી;
સો એક મના હોકર બાટ સીધાણે, મુરખ આપે આપ બંધાણે.
માંહે પરખો તો પઇકા ખોટા, પરતક દેખો તો ચલતર મોટા.

રે તુંહી...

એતો ચુંદી દેવકી, બુજે વીરલા કોઇરે;
ચાવા કીયા જીને બાવરે, ગયા સો સુધ બુધ ખોઇરે. ૧૬

ચરીત્ર સારા એ જગ લીના, બોહોત ચુકા કર અપણા કીના;
લોભે લાગા જે દીલસું મેલા, દીનસું નીકાલે ઉસે કર કર ઘેલા.
ગુડમાં ઝેર જો હાથું લેવે, સુજ ન રાખે દુખ ફીર ફીર સેવે;
એ હુએ દુરીજન પણ મીત્ર કીલાવે; ઈસકે છંદકા કોઇ મરમ ન પાવે.
જે કોઇ ઈસકે પાલવ લાગે, ગયે છેતરાણે સો મુરખ અભાગે.

રે તુંહી...

ત્રીઆ ચરીત્રે આગલી, એણે ધુતીયા સબ સંસારરે;
ચોરજ એ હય પરગડા, સો દીન કેરા વાટ પાડરે. ૧૭

જેણે ઈસકું સુધી કરી જાણી, ચાવા કીધા આંખ તલે ન આણી;
આપ સંભાળી જે કોઇ ચાલે, સો ન પડીયા ઉસકે પાલે.
રાવત હુવે સો અતી માટી, ઉતર ગયે સો વિસમી ઘાટી;
એક મના હોકર જો બાટ સુધારે. સો જા સુખસું પાર ઉતારે.
દો નાવુ જો દીજે પાવા, ઉસ પંથીકા કેસા સાવા;

રે તુંહી...

ઇસ ત્રીયાકું થીર નહી, થીર નહી નીરવાણરે;
મુરખ ધુતે દો મના, કર સજન કીતા હાણરે. ૧૮

નબી જીતે સુરીજન કીતે, ઉન સીર બાતા બ્હોતજ બીતે;
દેખો જુગમાં આયા રસુલા, પ્રેમુ સાચા સો કંહી ન ભુલા.
ફીરોઉન જુગમાંહે જુઠા જાણો, દેખત રૂપ જો જઈ જપાણો;
જે જે હોતા ફીરોન દીના, તીન તીન એહી ભોગજ કીના.
જે કોઇ હોતા સુરીજન જોગા, તીને ઇન કન્યાસુ કેસા ભોગા.

રે તુંહી...

એ કન્યા હય અભાગણી, તીસે રંક ન લોણો રાયરે;
આંખા ખોલ કર દેખીયે, નરક ભરી સીર પાયરે. ૧૯

દુનીયા હય શરાબ શયતાન, હઈડાએથી જાવે ગીનાન;
શરાબ શયતાની ભરભર પીજે, દાવા લે કર દીનસું કીજે;
જાહેર શરાબથી તોબા આખે, શયતાન શરાબ લઈ હઇડે રાખે.
ઢેઢી રૂપ તો માંહે કીના, ખોટ લગાઇ અપના દીના;
જે કોઇ હોવે સુરીજન જોગા, સો શરાબ શયતાનસુ ન કરે ભોગા.

રે તુંહી...

શરાબ શયતાની પીજીયે, જગ દીખલાઇએ પાકરે;
અમલ જાતાં જાણુસો, તબ દેહડી દેવે સાંખરે. ૨૦

ઇસ ફાની દુનીયાકું દુરીજન જાણી, મીંતુ કેણે ઇસ મનમાં ન આણી;
સાચે સગળે ઇસે દીના છેહા, જીસ માંહે હોતા શાહકા નેહા.
અવર અભાગી ભેદ ન પાયા, દુરીજન સાથે જીને જીવડા લાયા;
દાય બાટા જુગ માંહે ચલાઈ, જીતે જો ઢુંઢી તીને સો પાઈ.
એતો કસણી જુગ માંહે આણી, મીંતુ દુરીજનકી વિગત પીછાણી;

રે તુંહી...

દુનીયા જુગ માંહે આન કર, પરખ્યા અપણા મીંતરે;
દેખો કીસીકા કીસીસું, લાગા હય મન ચીતરે. ૨૧

ફીરોનકું જા દુરીજન કીના, બ્હોત મુલક ઉસ હાથુ દીના;
લોભે લાગા સો મુરખ ભુલા, ઉસ કર રાખા દુરજન ટોલા.
સુરીજન સેવા જીને જુઠી જાણી, નહિ ઉસ મુખમાં શાહકી વાણી;
દુઃખ દોયલા તીસે તીલ ન દીતા, ચાવા નહિ હઇડે ના મીંતા.
દુરીજન ઉપર રાખા ભાવા, મીંત મારણેકુ સામા ચાવા.

રે તુંહી...

દુરીજન રાખે સુખે કરી, કછુ ન દેવે આળરે;
મીંતજ મારે ભાંગરે, લે લે માંહેથી ટાળરે. ૨૨

વલી મસાએખ જો કોઇ કહાવે, દમડી દોકડે જીવડા લાવે;
સુધા કાફર ઉનકુ જાણો, શયતાન રૂપ તમે દેખ પીછાણો.
ફીરોન કેરા કીજે કામા, વલી મસાએખ ધરાવે નામા;
ખુદા રસુલ જીભીયા આખે, શયતાન લે કર હઇડે રાખે.
એસે કામે જો શાહ લેતા, તો નબીયુંકુ ફકીરી કાયકું દેતા?!

રે તુંહી...

વલી મસાએખ જુગમાં કહાવે, અને દુનીયા લાવે ચીતરે;
સુધા જાણો ચોર હય, મત કોઇ આખો મીંતરે. ૨૩

---

## (૯) કસણી–જીકર.

દુનીયા આહે દુરીજન બાટ, નબી સુએ સો ફકીરજ માટ;
માંહે ફકીરી જે કોઈ જલાણા, સોજા જગમાં નબી કીલાણાં.
દેહા કેરી જો હંડીયા કહીયે, સો બીના ભાગે કયું શાહ લઇએ?
જે કોઈ લોણુ સાંહીયા અપણા ઉનકુ ચાહીએ ફકીરી તપણા.
એ તો મારગ દેહકા કહીયે, સો બીન ભાગે કયું શાહ લઇએ?

રે તુંહી...

ફકીરી સબસે અફઝલી, નહી કો ઇસકે તોલરે;
ખાસી નસીહત શાહકી, જો આન મીલાવે ઢોલરે. ૨૪

## (૧૦) ફકીરીકી ખુબી. (પાઠ ૨૫ થી ૨૮)

ફકીરી માંહે જો જીવ લગાઇએ, તો નેહ સુરીજન અદકા પાઈએ;
મીંતુ કેરા એહી જાણો કાજ, નબી ફકીરીસે હુએ મએરાજ;
એ તો દોલત હય નબીયું કેરી, ઈસથી બાદશાહી નહિ ભલેરી;
કરમ નીલાડી હોવે જીસકે, એ દોલત હાથ આવે તીસકે;
નબીયું સારૂં ને ચાવુ માંગી, સાચે મુરશીદસું હાથું લાગી.

રે તુંહી...

બડી બાદશાહી જીગ માંહે, ભેજી મીંતુ કેરે કાજરે;
કીને ન પાઇ નીશ્ચે, નબીયું મુરશલ બાજરે. ૨૫

ફકીરી તન માંહે જપીએ આજ, તીસકા સઘળા પુગે કાજ;
મહેમાન ખુદાકા જીગ માંહે કહીએ, મહોબત લાગી શાહ પર રહીએ;
ઈસથી રૂડા કેસા કામ, જીસથી પાઇએ દુઆરજ ઠામ;
કછુએ ન માગે હાથ પસારી, હવા હીરસ સબ વિસારી;
એસી ફકીરી માંહેજ રહીએ, ફકીરી બાદશાહી તીસકી કહીએ.

રે તુંહી...

સાચી ફકીરી સતકી, જો માંગે શાહકું પાસરે;
દુઆરે રહે સત સબુરીકે, છાડે ભીરાની આસરે. ૨૬

પીયુકે પાસે જા માંગણા કીજે, ઈસ માંહે સબુરી લીજે;
સહેજ ગફલત માંહે કછુ ન પાઇએ, જીકરૂ શાહકું જપતા જાઇએ;
શાહકી ફકીરી મોટી જાણો, ફકીરી બાદશાહી પીયુ પરમાણો;
તમાં કેરી જો ભકિત કીજે, તો પુરા મેવા સબ કયું કર લીજે;
પીયુકી ભકિત તમ પીયુસું લાગો, હાથ પસારી કછુ ન માંગો.

રે તુંહી...

જો તું લોણુ પીયુકું, તો કછુ ન માંગો આસરે;
જો પીયુ પાયા આપણા, તો સબ કુછ તેરે પાસરે. ૨૭

રસુલ સારૂંકી એહીજ કહાણી, ફકીરી બાદશાહી સુધી જાણી;
સઘળે ફકીરી ચીચુકી માની, એક એક કસણી અદકી બખાની;
નબીચુ કેરી તુમ દેખો ચીઠી, ફકીરી જાલ સગલું દીઠી;
ઈસકી આંચે દીન પકાયા; નેહ સુરીજનસુ અદકા લાયા;
જીસકુ લોઠે આપ સંજોગા, ઉસકું કરાવે ફકીરી ભોગા.

રે તુંહી...

મીંતુ માંહે મીંત હય, અને સારૂં માંહે સારરે;
ફકીરી માંહે જો મીલે, સો તર કર લાગે પારરે. ૨૮

## (૧૧) ફકીરી આદમ શફી અલ્લાહકી.

પહેલા આદમ દોસ્ત ઉપાયા, સઘલે ઉસકું શીશ નમાયા;
સરગ માંહે ઉસે દીયા વાસા, વચે થા અપણે સુરીજન પાસા;
સરગ માંહે તીસે સુખ ન દીના, ફીર ફીર પ્રેમ જાલે ભીના;
કેતે બરસ જંગલ માંહે ડાલા, રોતે રગત નેનુંથી ચાલા;
એસી ફકીરી જબ સર પર બીતા, નબીપણા તો તબજા દીતા.

રે તુંહી...

પહેલા આદમ દોસ્ત થા, દેખો તીન શીર હાલરે;
જંગલ ડાલે શુધ બીના, તબ મીલે સુરીજન નાલરે. ૨૯

## (૧૨) ફકીરી નુહ નબીકી.

નુહ નબી તમે દેખો લોગા, વચે અપણે સુરીજન જોગા;
ત્રાટી ઓલવે જનમ ગમાયા, નવસો બરસ જા આપ જલાયા;
માંહે દુનીઆ જો સોહેલા હોતા, તો ફકીરી માંહે કોઈ આપ ન ખોતા;
એક તીલ એસા કોઇ ન સેહવે, તો નવસો બરસ જંગલ કયું રહેવે;
પ્રેમું કીના જીન માંહે ખેલા, તીનકું દીના સુરીજન મેલા.

રે તુંહી...

જીસ માંહે પ્રેમ થા આગલા, ઉસકું કેસી ઓથરે;
દુખ દોયલા બાહે કર, દેહા માની થોથરે. ૩૦

## (૧૩) ફકીરી મુસા નબીકી.

દેખો મુસા પીયુકા પ્યારા, ઇને બી લોઢી કબુલી સારા;
ગરીબી માંહે વો પ્રેમુ પેખા, આપસ રાખા માહે ફીકર વિશેખા;
ઓહોણ ન દુનીઆકા કીના ચાવા, તો જા અપણા સુરીજન પાવા;
પ્રેમે શાહકું તોજા પાઇએ, ફકીરી માંહે જો આપ જલાઈએ;
દુનીઆ કામે જો મીલતા શાહે, તો નબીઉં ફકીરી લેતા કાંહે.

રે તુંહી...

ફકીરી શોહાગ તીસે કહીએ, જો જલાવે અપણે ચાવરે;
દુનીઆ આણ દીખલાઈએ, તો તીલ ન હોવે ભાવરે. ૩૧

## (૧૪) ફકીરી ઈસા નબીકી.

ઇસા નબીકી તુમ વેદના સુણો, તો ઇસ સુરદારકું કાહેકું લોણો;
એક સુઈ કારણે કયા કુછ આંખેઆ, જાતે ચોથે આસમાને રાખેઆ;
એક સુઇ ભાર એસો જો હોવે, તો કયું જનમ જા સુખમે ખોવે;
ઇસે સરીખા નહી કોઈ ચાંદા, એક સુઇ કારણ કાહાં જા ફાંદા;
કેતા ધન ઓર કેતા માલા, એક સુઇ કારણ દેખો ચાલા.

રે તુંહી...

દુનીયા ચરીત્ર દેખ કર, જો તેં લાયા ચીંતરે;
એક સુઇકે કારણે, કાહાં લે રાખ્યા મીંતરે. ૩૨

## (૧૫) ફકીરી સુલેમાન નબીકી.

સલેમાન પ્રીત સુધી માની, આપસ મનમાંહે રાખી છાની;
કીતી બાદશાહી પરગટ બખાની, દરવેશી માંહે આની છાની;
જવકી રોટી જે કીના ખાણાં, તો જા મીલીઆ સુરીજન ટાણા;
દુનીઆ સાથે જો જીવડા લાતા, નબીપણાં તો કીયું કર પાતા;
સુખસું કીના સાચા ભોગા, વે થા આપણે સુરીજન જોગા.

રે તુંહી....

ગરીબી સોદા શાહોકા, ખેલો સુખસું જાયરે;
દુનિઆ મતલબ છોડ કર, રાખો ફકર જલાયરે. ૩૩

### (૧૬) ફકીરી પ્રેમકી.

વોહી શોહાગણ જો ભરીઆ હેતા, બંદગી કીના ચીત અપણા ચેતા;
વરસ દીવસ બાહેર ન જાતા, લોક ફીકર શીર ઉપર લાતા;
ખુવારી કીયા ઓર ધુલ મીલાયા. યું કર અપણા પ્રેમ જલાયા;
દુરીજન સુખસું રાખે સારે, રોલે તે જે પીયુજી પ્યારે;
દુનિઆ લોક ન સુરીજન જોગા, નબીપણા શાહ શોહાગા.

રે તુંહી...

દુનીઆ એ હય દુરીજન, મીંતુ ન આવે કાજરે;
બાજી દેવે તીલ માંહે, અને રાખે સુરીજન બાજરે. ૩૪

—:o:—

### (૧૭) ફકીરી જીકરીઆ નબીકી.

જીકરીઆકે શીર કરવત ગાલા, સો સબ એહી ફકીરી ચાલા;
જબ લે કરવત શીર ઉપર છોડા, પ્રેમે સાચા સો મુખ ન મોડા;
ચાલતા કરવત જો ચાં ચું કરતા, નબી નામ તો કાહેકું ધરતા;
મીંતુકે શીર એસી કીજે, સુખસું ઉઠે કયું શાહકું લીજે;
પલમે સારા શીરથી ચીરા, તો જા પાયા સુરીજન હીરા.

રે તુંહી...

એસી કસણી બાહે કર, પરખીયા આપણા નેહરે;
શીર પર કરવત છોડીઆ, તોએ ન દીના છેહરે. ૩૫

---

### (૧૮) ફકીરી ઈબ્રાહીમ આદમકી.

સુલતાન ઈબ્રાહીમકે દેખો ખેલા, કીયું કીયું ઉસકું ધુલજ મેલા;
કેતે બરસ બાદશાહી કીની, ઉન શીર કેતીક વેદના બીતી;
ખાણે પીણેકી સુધીયા ટાલે, ઇયું કર આપસકું પ્રેમે જાલે;
સબ સુખ છોડીને દુઃખે જલાણા, સાચે મીંતુકા એ હય ખાણા;
મીંતા કસણી અસી કીજે, એક તીલ સુખડા દેહી ન દીજે.

રે તુંહી...

જીસ માંહે પીયુકા નેહ થા, સો સતસું ચાલીઆ આજરે;
જગમાં જલાણે પરગડે, ઇયું કર કીના કાજરે. ૩૬

મોહોર અપણી પાયા ઠામ, પીયુસું કીના સાચા કલામ;
સુરીજન કસણી એસી કીજે, દુનીઆ છોડ ફકીરી લીજે;
ત્રીઆ કેરા તમે દ્રખો ચાલા, ફીકરૂં કીજે એસા હાલા;
માંહે ફકીરી ન હોતા શાવા, તો નબી ન કરતે ઈસ પર ભાવા;
ફીકર રસુલે આંખી બાતાં, વે ભી લાગા પીયુકે સાથા.

રે તુંહી...

ફકીરી સબસે અધીક હે, જોઈ લેજો જાણરે;
નબીપણા હે ઇસ માંહે, સબમેં પાયા માનરે. ૩૭

## (૧૯) ફકીરી નબી મહમદકી.

પરભાતે ઘર અપણે જાવે, એતા નહી જો સુખમાં આવે;
મણ એક જવ કેરે કારણે, આપ સધારે યહુદકે બારણે;
દ્રખી ફકીરી ને ઉતર કીજે, એતી ન વાડી ફરી કાંહાસું લીજે;
વો થા રાજા દો આલમ કેરા, મણ જવ કારણે યહુદને ફેરા;
મીંતુ કસણી એસી સાધી, જો થે આપણે દીનકે સવાદી.

રે તુંહી...

મીંત જો કીજે સાચશું અને દુનીઆ ફીકરૂં ટાલરે;
સબસું અલગા ટાલ કર, અને બાઈ પ્રેમકી જાલરે. ૩૮

## (૨૦) ફકીરી અયુબ નબીકી.

અયુબ પેકાંબર તમે દ્રખો મીંતા, કીડું દેહી માંહે રોજન કીતા;
ચારણી તોલે કીતી દેહા, તોએ ન દીના પ્રેમસું છેહા;
કીડે નીકલ બાહેર જાવે, સો ચાવું લે કર દેહીમાં આવે;
શુકર ખુદાકા તીસ માંહે કહીએ, સત સબુરી ઉસ ઘર માંહે લઈએ;
એતી બલા જો સીર પર બીતી, તો બી પ્રીત પીયાશું કીતી.

રે તુંહી...

અયુબ મીંતજ સતકા, અને સાચા થા માંહે નેહરે;
સુખ ન ફીરાયા આપણા, જો સબ તન પડીયા વેહરે. ૩૯

### (૨૧) ફકીરી ઈબ્રાહીમ નબીકી.

ઈબ્રાહીમ પેકાંબરકા સુણીએ હાલા, નમરૂદને બીચ અગનીજ ડાલા;
પોતે દેખા ખાબજ માંહે, ઈસકુ સુરીજન સપને આયે;
પુતા લે કર કુરબાની કીતા, તો જા સુરીજન મેલા દીતા;
ઈબ્રાહીમ મન માંહે સાચા હુતા, લે કુરબાની ઉન કીના પુતા;
ખાબજ કેરા ઇશક જો આવે, અવર મોહોબતસુ શાહ ન પાવે.

રે તુંહી...

ફકીરી સબસેં ખુબ હયે, પરતક દીસે ખુવારરે;
હુરમત દુનીઆ ઝાહેરી, સો દીન માંહે મુરદારરે. ૪૦

### (૨૨) ફકીરી બીબી ફાતમાકી. (પાઠ ૪૧-૪૨)

બીબી કહીએ ફાતમા જેસી, ઈયું જગ રહી જીયું પરદેસી;
અલીકે ઘરકા કીના ચાવા, ચરખે ઉપર ન હોતા ભાવા;
તબ રસુલે આખી બાતાં, ચરખા કાંય ન લેવો હાથાં;
રીઝક હાથ ધણીકે પાવો, ચરખે જીવડા કાંય ન લાવો;
મહમદ મનમાં સાચા હોતા, સો એસી બુધી સો દેવે પુતા.

રે તુંહી...

મીંતપણા તો દોયલા, કોઈ ન શકે ખેલરે;
શરફરાઝ જો રબને કીયા, ઉસકું દીના મેલરે. ૪૧

દુજે દીવસ ઘર ફાતમા ચાલી, દેખ અપણે દીનજ હાલી;
બીના દીન નુકશાનજ દાખી, તબ જુની ચાદર સીર પર રાખી;
દુનીઆસે જો લાગી ખોડી, ઈસથી મીંતુને દુનીઆ છોડી;
યું કર સુરીજનસું કીના મેલા, તબ જા ખેલે પ્રેમકા ખેલા;
શોહાગણ સોજો પીઆસું રાતી, આપ જલાવે સો પ્રેમે માતી.

રે તુંહી...

પ્રેમ પીઆસી અધીક હયે, સો ખેલે પ્રેમજ ખેલરે;
નબીએ ફીકર દેખાડીઆ, સો કારણ સુરીજન મેલરે. ૪૨

## (૨૩) પતીવ્રતાકો અંગ.

સાચી બીબી એસી ચાહીએ, સુખ તજે તો નવશા પાઈએ;
આભરણ માંહી મોહી ન રહેવે, શાહ બીના અપણી દેહા દેવે;
પહેન આભરણ જો લોક દીખાવે, શોહાગપણાં તો કયું કર પાવે;
પહેનો આભરણ સાચે કામા, આપસ રાખો શાહા ઘર ઠામા;
આપણા સોહાગ તબજા લેખો, સુરીજન અપણા જબ નેનું દેખો.
રે તુંહી...
આપ સવારો સાચશું, અને સતકા કરો શણગારરે;
નેનું કાજલ નેહકા, પીયુ કરો ગલેકા હારરે. ૪૩

## (૨૪) શોહાગનકી રીત.

સઘળા સોહાગ તીન શીર કહીએ, શાહકા નેહ જીસ માંહે લઈએ;
કાજલ ફુલ મુખ તંબોલ, હસી હસી લાગે તીસ મુખ ઢોલ;
તેલ ફુલેલ શીર કંગઇ સારે, તીસ ગલ બાંહોડી પીયુ પ્યારે;
પીયુ બીના જો કરે શણગાર, તીસ ગલ લાગે જલત અંગાર;
પહેરી આભરણ લોક દીખાવે, શાહ સોહાગ સો કયું કર પાવે.
રે તુંહી...
જો શીર સારે કંગઇઆ, અને બહોત કરે શણગારરે;
પીયુ બીના જો શણગારીએ, સો આભરણ લાગે અંગારરે. ૪૪

## (૨૫) સોહાગનકી ચાલ.

વણ ભરથારે કામ ન આવે, શોહાગણ જુગ માંહે બોત કીહાવે;
પીયુ બાજ જીને આભરણ સારી, જનમ દોહાગણ ભઇ સો નારી;
માંહે શણગારો તો હોયે કબુલ, જ્યું શણગારીયા આપ રસુલ;
જીને એ આભરણ મનસું કીના, તીને જા નવશા અપણા લીના;
પીયુકે પ્રેમ જીન આપ જલાયા, સોહાગ સ્વાદ તો ઉસને પાયા.
રે તુંહી...
હુઈ સોહાગણ પરગડી, અપણે નવશા કાજરે;
પીયુ બીના જો શણગારીએ, તો લજાઇ મરીએ લાજરે. ૪૫

## (૨૬) સોહાગપણા રાબીયાકા.

રાબીયા શોહાગન જુગ માંહે કીતી, સબ કોઇ જાણે દેશ વીદીતી;
આપસકું લે પ્રેમે જાલી, સુખ ન કીના ઉને સુરીજન ટાલી;
ખાણે પીણેકા સ્વાદ ન ચ્હાવા, સબ વીસારી પીયુકે ભાવા;
પ્રેમ પીયાસી સો ઘર ઘર ધાઇ, સંસાર સુધીયા સબ ખોઇ ગમાઇ;
યું કર આપસકું કીના ખેહ, તો રંગ લાગા પીયુશું નેહ.

રે તુંહી...

પરેમ પીયાસી જે જલે, તીલ ન ફેરાવે અંગરે;
હુઇ સોહાગણ પરગડી, તીન શાહસું માણીઆ રંગરે. ૪૬

## (૨૭) સોહાગ મેંદીકા.

મેંદી રંગ તો જા પાવે, પથર તલે જો આપ પીસાવે;
જ્યું દુઃખ દેખે ત્યું અતી શોહાગી, તો જા નવશાકે પાંઉ લાગી;
નહીતો હરીઆ પાનડા કહીયે, પીસે રંગ તો પરગટ લહએ;
બીના પીસે જો જનમ ગમાઈએ, તીલબી રંગ તો કાંહાસું પાઇએ;
અપણી દેહીકાબી એસા ઢંગા, આપ પીસાઈએ તો લાગે રંગા.

રે તુંહી...

મેંદી માંહે રંગ હયે, જાણે સારા જગરે,
આપ પીસાવે પથર તલે, તબ લાગે નવસા પગરે. ૪૭

—:०:—

## (૨૮) પ્રેમ પ્રીતકી રીત.

દીનજ લેણા સહેલા હોતા, તો દુઃખમેં આપસકું કોઇ ન ખોતા;
દુઃખમે અપણા જનમજ ખોઈએ, પ્રેમ દીનમેં સાબીત હોઈએ;
ફીકર માંહે જો આપ જલાણા, દીનદારી સો સાચા કીલાણા;
સબ સ્વાદ જીને જા છોડા, મન ચીત લાયકર પીયુકું લેણા;
સો જાં પહોતા રાજ દુઆર, તીસકું હોતા પીયુકા પ્યાર.

રે તુંહી...

તીસ માંહે અગનજ પરગડી, જીસ માંહે નેહ હયે અંતરે;
ખરી જલાણી જુગ માંહે, કરણી અપણી સતરે. ૪૮

## (૨૯) વિરહવંતકી રીત.

જીસકે હઈડે સુરીજન સાલે, પ્રેમ જાલ તીસ હઈડે ચાલે;
નીત ઉઠી જાલે આપણી દેહા, અધીકજ ઉઠાવે માંહે પીયુકા નેહા;
તપી સોહાગણ જાલે છાતી, અધીકજ હોવે રંગ રાતી;
આપણી દેહા સોઈ પકાવે, હઇડા લકડી ઠામ જલાવે;
પીયુ લેહે જલંતા તીલ ન રાખે, કાચી દેહા તો જા પાકે.

રે તુંહી...

જુગમાં ભેજા તુમકું, સો દેહી પકાવણ કાજરે;
યું કયું પાકે બાવરે, સો અગન જલાયા બાજરે. ૪૯

## (૩૦) કાયા હાંડી પકાનેકા વિરહ.

દેહ તો હયેગી હાંડી તોલ, જ્યું જ્યું પાકે ત્યું પાવે મોલ;
કીસકી હાંડી કીતની જાલી, કીસકે જાલ શીર ઉપર ચાલી;
કોઇ સો આધી જલકર થાકી, પુરી જલાણી સો સબ પાકી;
હાંડી પાકી જીસકી જાવે, પુરે સ્વાદે સો બેઠા ખાવે;
આપ પકાવો નીસત લોકા, જ્યું સુખ હોવે દીનજ ભોગા.

રે તુંહી...

જો કોઇ પકાવે આપકું, સો પુરી જલાવે દેહરે;
ભોગ કરે વય શાહસું, અને આપજ હોવે એહરે. ૫૦

## (૩૧) રસુલકા વિરહ.

રસુલે પકાઇ સો સારૂં જાની, પરગટ એ હયે નહીં કુછ છાની;
કેતેક બરસ અગન જલાયા, નેહકા સ્વાદ તો જા પાયા;
ફીર ફીર ચઉદીશ અગન જલાઇ, યું કરી આપણી દેહી પકાઇ;
જો કોઇ જલંતા તીલ ન રાખે, સો સબ જાએ શરાણે પાકે;
બીના અગન જો પાકી લેતા, તો મીંતકું દુઃખ કોઇ ન દેતા.

રે તુંહી...

સાચી પકાણી રસુલકી, જીને જાલી તનમન લાયરે;
જનમ ગમાયા અગનમાં, બાહેર ન કાઢીયા પાયરે. ૫૧

### (૩૨) વરહ રાબીયાકી.

પીર પેકાંબર જે જે કીલાણે, સો સબ જાયે પ્રેમ જલાણે;
મરદ ઓરતકી બાત ન રાખી, જો જો જલાણી સો જા પાકી;
દેખો રાબીયા કેરે કાજ, હઇડાસેથી જીને મારી લાજ;
રાબીયા ઓરત ધરીઆ નામા, મરદ લજાણે ઉસકે કામા;
પ્રેમે સાચી હુઇ સો માઇ, ઉન જા અપણી દેહા પકાઈ.

રે તુંહી...

મરદ ઓરત હોય સરીખા, જે કરે પ્રેમકા કામરે;
ઓરત પકાવે સાચસું, તો પાવે પીયુકા ઠામરે. ૫૨

### (૩૩) રીત વિરહકી.

પ્રેમકી આંચ જીસ તન ચાલે, ફીરકર આપસકું ચૌદીસ જાલે;
કછુ ન છોડે એક તીલ રતી, જ્યું જલાવે માંહે દીવડે બતી;
લકડી બીચ જા અગનજ દીજે, સાચા સુરીજન યું કર લીજે;
પ્રેમકી જાલકા એહી ભાવા, કછુ ન છોડે શીર લગી પાવા;
અગની લગાવે હઈડા માંહે, ફીર ફીર જાલે સો ઠાંઓ ઠાંએ,

રે તુંહી...

એતો જાલ સ્નેહકી, રહી આપોપું ટાલરે,
કછુ ન છોડે તનમાં, જાં લગી બાલું બાલરે. ૫૩

### (૩૪) વિરહ પ્રેમકી રીત.

પ્રેમકે ખેલકા દેખો ભાવા, અગન જલાવે શીર લગી પાવા;
ફીર ફીર જલાવે ચૌદીશ છાતી, જેસી જલાવે માંહે દીવડે બતી;
ઘડી ન રહેવે એકસ ટાલાં, દમ લગાવે બાલું બાલાં;
સાતું સરગ જો બરશે આઈ, પ્રેમ જાલ ન જાય બુઝાઈ;
સાચા દમ નેહકા કહીયે, નેહસું જલતા તીલ ન રહીયે.

રે તુંહી...

એતો પ્રેમકા ખેલ હય, જો લાગા પીયુકે નેહરે;
અધીકજ ઉઠે જોરમાં, સો સરગું વરસે મેહરે. ૫૪

## (૩૫) પ્રેમ અગ્નિ.

સરગું બરસે તો નાહિ બુઝાવે, પીયુ વીજોગે અધીક જલાવે;
એતો જાલ સ્નેહકી બાઇ, સરગું દેખી કયું જાયે બુઝાઇ;
નેહડા કીના પીયુકે સાટે, સો કયું બુઝાવે સરગું માટે;
સરગું સુખતો કેસા ભાવે, જયું બંદીઆકું બંધમે ભાવે;
જો કોઈ હોવે સુરીજન જોગાં, સરગું કેસા સો કરશે ભોગાં.

રે તુંહીં...

સરગા દેવે લાખ એક, અને હુરા લાખ પચાસરે;
અધીક જો ચાહો બાવરે, તો માગો પીયુકું પાસરે. ૫૫

—:o:—

## (૩૬) પ્રેમ વિરહ.

પીયુ મીલણે જીને દેહા જાલી, કયું સુખ પાવે સુરીજન ટાલી;
પીયુ બીના જીસકું સરવે અભાવા, સો કયું દેવે સરગું પાવા;
અદકે ચાવે જાય જપાવે, જો દોઝકમે શાહકું પાવે;
દોઝક આંચસું સબ કોઇ ભાગે, સો તો આંચ ઉસે ઠંડી લાગે;
દોઝક ઉપર ચલા જાવે, સરગું માંહેથી ફીર ફીર આવે.

રે તુંહી...

એતો જાલ સ્નેહકી, લાહી અપણે ઢોલરે;
દોઝક અગનજ લાકડી, હઈડા હાંડી તોલરે. ૫૬

---

## (૩૭) પ્રેમમે રાવણકા મીસાલ.

પ્રેમ ખેલ તમે દેખો લોકા, કીન કીન પેરે હોવે ભોગા;
જેણે મીંતે કીના ચાવા, તેણે પ્રેમસું જા મેલા પાવા;
શીરસે ટલકર અલગ હો બેઠા, સો સબ જાઇ પીયુ મીંદર પેઠા;
રાવણ દેખો માણસકે કારણે, કયું ન રહીયા અપણી ધારણે;
સીતા કેરા ઉસે લાગા નેહ, દસ સીર રાવણ કીના ખેહ.

રે તુંહી...

સીતા કારણ દુઃખ સહીયા, અને દસ સીર દીયા કટાયરે;
સાચા સુરીજન કારણે, એક સીર દીયા ન જાયરે. ૫૭

## (૩૮) પ્રેમ વિરહ.

દેખો નિસત સુરીજન કાજા, શીશ ઉગારે ન આવે લાજા;
આણસ કારણે કીયા કુછ સહીયા, સુરીજન કારણે એક શીર ન દીયા;
એ સબ આહે પ્રેમજ કામા, પ્રેમ બીના ન આવે ઠામા;
ત્રીઆ દેખો જા હીંદુ કેરી, મુએ કારણ અગન જલેરી;
તમકું ન આવે મનમાંહે લાજ, કયું ન જાલો સુરીજન કાજ.

રે તુંહી...

ત્રીયા હિંદુકી સાચ હય, જો જલે મુએકે કાજરે;
પલ ન રાખે જીવ આપણા, સો આપણે પુરખાં બાજરે. ૫૮

## (૩૯) સતીકા મીસાલ. (પાઠ ૫૯-૬૦)

સત કારણ સતી આપ જલાવે, અવર પુરૂષસું નેહ ન લાવે;
જો તમે આપસકું સતી આખો, તો હરકું પરખી તમે હઈડે રાખો;
એ ઘટ તુજે લાજ ન આવે, સતી રૂપ પણ ભેખ લજાવે;
પુરૂષ મરે જુગ રહે ગેમારી, પુરૂષ પાંખે જુગ સુધ અંધારી;
દેહા જાલે જે હોય પુરૂષ પીયારી, જેણે ઘરથી દેહા વીસારી.

રે તુંહી...

સતીઆ જુગ માંહે તીસે કહીએ, જે જાવે સાથે ઢોલરે;
આપ જલાવે સતસું, સુણે ન કીસીકા બોલરે. ૫૯

સતીપણા જો સુધા કીનાં, પીયુ કારણ બીચ અગનજ દીના;
આપણા સુરીજન તોજા પાવે, જીવતે આપસકું આપ જલાવે;
જીનકું ભાવે સુરીજન અપણા, સો જા કરસી બીચ અગનજ તપણા;
જેમ જેમ જલતાં સીર લગી જાવે, તેમ તેમ પ્રેમ પીયાકા પાવે;
પ્રેમ જાલ જીસ હઈડે પેઠી સો તન જાલ ભસમ કર બેઠી.

રે તુંહી...

ઉઠી જાલ સ્નેહકી, સબ તન કરે અંગારરે;
સખી સાહેલી આપકું, તમે જાલો પીયુકે લાયરે. ૬૦

## (૪૦) સતી અંગ.

સતી સોહાગણ સો કર જાણી, પીયુકે સાથે જા આપ જલાણી;
જડ મુલ જા અગનજ દીના, ઉન જા નેહડા સુધા કીના;
કાઠ પેડ જડ મુલ ઉખાડે, શાહકી રમત સોહી જાણે;
સુરીજન અગની ચૌદીસ હાલે, પીયુકે સાથે જા આપસ જાલે;
અવર કીસીસું પ્રીત ન લાવે, નર કે કેડે જા નાર જલાવે.

રે તુંહી...

સતી સોહાગણ તીસે કહું, જો જલે પીયુકે નેહરે;
ભસમ કરે વે શીર લગી, સો સારી પુરી દેહરે. ૬૧

## (૪૧) સતીકા દ્રષ્ટાંત.

સાચી સતી સો કર જાણી, જીવ દેતા જીને શક ન આણી;
સોહાગણ પુરી તમે જાણો સોઇ, સીરકે સાટે જો શાહકું પાઈ;
સીરકા સાટા પહેલા કરણા, સીર આગલ કર પગલા ધરણા;
જીવડા લાઈએ અવરાં સાથે, યું કયું આવે સુરીજન હાથે;
સુખસું બેઠા જાઇ સોઈ, જીને ન લીનાં સાથી કોઇ.

રે તુંહી...

સજ્જનકે ઘર જાઇએ, સાથ ન લીજે કોઈરે;
પીછા ફેર ન દેખીએ, પીછે હોણી હોય સો હોયરે. ૬૨

## (૪૨) પતંગ દ્રષ્ટાંત.

સતસું નેહડા તો પતંગ કીનાં, લે આપસકું બીચ અગની દીના;
અગની આંચસુ હોતા ભાવા, તો જા જલાણા સીર લગી પાવા;
પતંગ પ્રીત તો સુધી જાણી, અગની આંચ માંહે જાઇ ઝંપાણી;
જીસ માંહે હોતા પીયુકા નેહા, સો સબ જાલે અપણી દેહા;
પ્રેમકી આહે એહજો ગાલી, કોય ન જાલે પ્રેમજ ટાલી.

રે તુંહી...

કોઇ ન જાલે આપકું, જો નહી લાગા નેહરે;
વીરહ સતાવે જીસકું, સો જાલે હઈડા એહરે. ૬૩

## (૪૩) સતીકા પ્રેમ.

જો કોઈ હોતા પ્રેમ સંજોગા, સત અગનીસું કીના ભોગા;
અવર બાકી શાહ ન પાવે, ઠાલે ઘર માંહે આવે જાવે;
પ્રેમ જાલ ન જલીઆ જોઈ, લીયા રંડાપા ઉને સોહાગજ ખોઈ;
સત અગનીકી ગાલી મોટી, કોઈ ન જાણે નીયત ખોટી;
નેહ બીના શાહકું કેસા પાવે, ઠાલે ઘર માંહે કીયા સુખ પાવે.

રે તુંહી...

જીને પ્રેમ રસ નહી ચાખ્યા, નેહ સુરીજનસું નવ લાયરે;
સો ઠાલે ઘરકા પરોણલા, જયું આવે ત્યું જાયરે. ૬૪

---

## (૪૪) બીન પ્રિતકો અંગ. (પાઠ ૬૫-૬૬)

બંધન બાંધે પ્રેમકા કોઈ, જીસ માંહે પ્રેમ ખેલજ હોઈ;
નેહ બીના સુખ ન નેહ બીના સાવા, નેહ બીના હેત ન નેહ બીના હાવા;
નેહ બીના શાહકું કેસા પાવે, નેહ બીના સહેજ અંધારી આવે;
નેહ બીના ચાવા એસા જાણી, ગાજર ખાઇને પીજે પાણી;
છાલા કુટે ચોખા ન જોઇએ, નેહ બીના જોબન એસા ખોઈએ.

રે તુંહી...

જીને પ્રેમ ખેલ ન ખેલ્યા, અને આયેથે સંસારરે,
જનમ દુઃખી તીસ જાણીયે, જીને ખોયા કીરતારરે. ૬૫

નેહ બીના સુખ પીયાસું ન લાગે, નેહ બીના સહેજે પ્રેમ રસ ભાગે;
નેહકી બાતાં એ હય મોટી, સો નવ જાણે નીયત ખોટી;
જેણે કીના રસકા ચાવા, સીરકે સાટે ઉને જા પાવા;
સાચી વાટે પગલાં ધરસી, રસકી બતીઆં રસીઆં કરસી;
રસથી હોવે સર્વ સંજોગા, બીન રસ પ્રીત ન બીન રસ ભોગા.

રે તુંહી...

પ્રેમ રસ અતી મીઠડા, જોઈ લેજો સુજાણરે,
કાંઈ ન દીસે રસ બીના, દો જણ મીલતે પ્રાણરે. ૬૬

## (૪૫) રસ બીન પ્રિતકો અંગ.

જો મંછા મીલીએ તો બેસીએ સહેજે, બાત ન કરસી બીન રસ હેજે;
ચકવા ચકવીકી પરછો બાતા, બીન રસ જાવે કેસી રાતા;
રસ બીના સ્વાદ કછુ ન પાઈ, મીંત ન મીલસે બીન રસ આઇ;
રસકું મીલીએ અપણે શાહથી, હોવે સંપુર્ણ ચૌદીસ છાતી;
ચોલી ચીર ને ઓઢણ સાવા, બીન રસ હોવે સરવ અભાવા.

રે તુંહી...

મેલ મીલાવા સબ સુખ, સો સબ રસમાં જાણરે;
બીન રસ શાહ ન પાઈએ, હઇડે સુખ મ આણરે. ૬૭

## (૪૬) રસ બીન રસ પ્રિત.

રસસું ખાના ને રસસું પીના, રસીએ સીસ સો રણ માંહે દીના;
રસ બીના બોલા ચાલી ન હોય, રસ બીના મીલતા ન દેખું કોય;
પાન ફુલ બીન રસ ન ભાવે, જો ઓહોતેરા સુખ સીર બાવે;
રસ બીના પ્રીત પીયાસું ન લાગે, સહેજ સોહાગ પણ દુઃખ ન ભાગે;
જા તમે દેખો બંધ કીલતાર, રસકા બાંધેયા હય સબ સંસાર.

રે તુંહી...

જુગ માંહે મીઠા પ્રેમ રસ, જો કોઇ દેખે ચાખરે;
સ્વાદ જો પાવે સીર લગી, તબ હઈડા દેવે શાંખરે. ૬૮

## (૪૭) રસ પ્રીતકી રીત.

રસસું રાત કેસી સોહાવે, ચકવા ચકવી જયું એકઠા બાવે;
રસ તો આહે જગમાંહે મીઠા, રસીએ રસ ચાખી દીઠા;
રસીઆ રસકી બાતજ જાણે, સો રસ જાએ પીયાસું માંણે;
આપણા આપ જો રસમાં ખોઇ, સાચા રસીયા જાણો સોઇ;
શાહ બીના મરણા ન આવે કાજે, જેસી કાચી ઠીકરી ભાજે.

રે તુંહી...

સાચા મરણા ઈસ જુગમાં, જો જીવત મરતક હોયરે;
શાહ જો પાવે શોહાગકા, તીસે જનમ મરણ નહી કોયરે. ૬૯

## (૪૮) જીવનમુક્તકી ચાલ.

મરણા સો તમે એસા જાણો, જો રસ જાકર પીઆસું માણો;
સાચા મરણા મરીએ માંહે, ફીર ફીર મરણા તો આવે નાંહે;
મુએકું મરણા કેસા હોય, આપ મુવેકા કારણ સોય;
સાચા મરણા એહી વીસેખો, જો આપસકું મુઆ કર લેખો,
એસા મરણા મરીએ માંહે, ફોકટજ મરણા કારણ કાહે.

રે તુંહી...

પ્રીત પીયાકી દોહેલી, જો સીરસેંથી જાયરે;
પ્રેમ ખેલતા જો મરે, તો મુએ સુકરીત લખાયરે. ૭૦

—*—

## (૪૯) પ્રેમ જાલકા અંગ.

પીયુકે નેહકા કીજે ચાવા, તો ફીર ન દીજે પીછા પાવા;
એતો આપું આપે લડણા, કદી ન કીજે પીછા વલણા,
શીશ ઉગારે પીયુ કયું મોહાવે, તું કયું જોબન પીયુ બીના ખોવે;
જો તમે શીશ ઉગારણ ચાહો, પ્રેમ ખેલ તો કદી ન પાઓ;
નેહકા સાંહી તો સુખસું પાઇએ, આપણા શીશ જો આપ ગમાઇએ.

રે તુંહી...

નેહકે મીંદર પેઠ કર, મત કોઇ પીછા ધાયરે,
જો મન કરસે બાપડા, તો બીન સીરસેંથી જાયરે. ૭૧

## (૫૦) લયલી મજનુંકા મીશાલ.

લયલી મજનુને નેહડા કીના, જીવ ગમાયા સો પ્રેમુ ભીના;
જે કોઇ હોતા પ્રેમકા સાધા, ઉસકું કીના દુઃખ માંહે આધા;
કાને સુણીયા હય કોઇ કાંહી, જીવ ગમાયા એક પલ માંહી;
એસા નેહ પીયુસું કરણા, જીવ ગમાકર પગલા ધરણા;
નેહકે મીંદર પેશે જે કોઇ, સો પહેલે બયઠે જીવ અપણા ખોઇ.

રે તુંહી...

સહેજ પીઆકી જો ચડે, સો સીર ધરે ઉતારરે;
તો રસ હોવે આગલા; જો રહેવે ખંડા ધારરે. ૭૨

### (૫૧) સોના કસોટીકા મીસાલ.

સાચા સોના તો બન ચડસે, જબ જા બીચ અગની પડસે,
અગનજ જલતાં શક ન આણે, શુદ્ધ સોના ઉસે સબ જાણે;
અગનકી જાલ જો ના સહેવે, તબ લગ શુદ્ધ કોઇ ન કહેવે;
જો ઓહોતેરા ઘડીએ ઘાટ, રૂપ ન છોડે સો જલે માટ;
પીતલ રંગ સોના તોલ, જો કસ કસીએ ન પાવે મોલ.

રે તુંહી...

સોના વોહી સાચ હય, જો બાહીએ અગનજ માંહેરે;
ધમણે ધમ ધમ જાલીએ, રંગ ન છોડે તાંયરે;

—*—

### (૫૨) સોનેકા મીસાલ.

જીઠા અગની કેસી સહેવે, જો આપસકી ધારણે ના રહેવે;
રસ ન હોવે રસાયણ ટાલી, જુઠે કાસુંકા એસા હાલી;
પ્રેમ અગની ગાઢી જલતી, સહી ન જાવે એક તીલ રતી;
ઈસ અગનીકી જો આંચ સહેવે, પીતલ રંગ તીસે કોઈ ન કહેવે;
સોના સરીખા તોજા હોવે, નેહકી વાટે જો શાહકું જોવે.

રે તુંહી...

સોના તો એ સાચ હય, દીજે અગનકી કસરે;
પણ બાજ રસાયણ ગાલીયે, તો કદી ન હોવે રસરે. ૭૪

### (૫૩) પાણી મછલીકા મીસાલ.

સત જા દેખો તમે મછલી કેરા, જાય ઝંપાણી માંહે ઓહોળે નીરા;
સત ન છોડે અપણા જાઇ, જ્યું પાણી માંહે ઝુબુકી ખાઇ;
આપણે ચાવું ફીર ફીર માના, કદી ન કીના ઉન બાહેર જાના,
તો જા પ્રીત પુરી જાણી, જ્યું નેહ બંધાણા મછલી પાણી;
એસા નેહડા સુધા કીજે, મછલી પ્રીત જા કર લીજે,

રે તુંહી...

મછલી પાણી નેહ હય, તમે જા કર દેખો લોકરે,
જેસી ખસલત પરગડી, તેસા હોવે ભોગરે. ૭૫

૭

### (૫૪) મછલી પાણીકી પ્રીત.

મછલી પાણી નેહ બંધાણી, જા કર જીવે જીવ સો પાણી;
જબ લે અલગી કરે જો કોઈ, મરણા પાવે દુજી બાત ન હોઇ;
નેહકા બંધ તો એસા કીજે, પલ બીછડે તો જીવડા દીજે;
નહી તો નેહડા જુઠા જાણી, સાચા નેહડા હય મછલી પાણી;
નેહ સત તો એહી વીશેખો, છાના નાંહી તમે પ્રગટ દેખો;

રે તુંહી...

સાચ ન છીપે બાવરે, જો છીપાવે કોઈરે;
ચંદાકું ડાલે ઢાંકીએ, તો ખણ ખણ પ્રગટ હોયરે. ૭૬

### (૫૫) મછલી પાણીકા મીસાલ.

મછલી પ્રીત તો સુધી જાણી, આપણે ચાવે જાઈ ઝંપાણી;
તબ પીછે ફીર બાહેર ન દેખી, પાણી બાજ મરણા વીસેખી,
નેહકી બાતા સો મીંતુ જાણી, પ્રગટ યે હય નહીં હય છાની;
અવર સો દેખા દેખી હોઇ, ઈસ માંહે મીલતા ન દેખું કોઈ;
એ ગટ નીરમલ સાચા હોઇ, પ્રીત બાજ ન સીધા કોઈ.

રે તુંહી...

જો જડ જડી સત સજને, અને રેહેણ રહી અપારરે;
સો જડ કબી ન ઉખડે, જો લાખું મીલે લોહારરે. ૭૭

### (૫૬) પ્રેમ પ્રીતકી રીત. (પાઠ ૭૮ થી ૮૦)

જનમ ન છુટે પ્રેમકા બાંધા, નેહ ભલેરા જો મછલી સાંધા;
જીને એ ચોટા લગતી જાણી, માર કલેજે ગુણકર તાણી,
કોઈ ન જાણે દુઃખ વીરેહ કેરા, સોઇ જાણે જીસે પડીઆ વેહેરા;
પ્રેમકી આંચ જીસ હઇડે લાગી, સો નીંદ ન સોવે સતસું જાગી;
જીસ માંહે પડીઆ પીયુકા નેહા, જનમ દુઃખી હુઇ સો દેહા.

રે તુંહી...

જનમ દુઃખી તીસ જાણીએ, જીસ માંહે લાગા નેહરે;
વીરેહ સતાવે દેહકું, સો હઇડે પડાવે વેહરે. ૭૮

જીસકું પ્રેમકી વીરેહ સતાવે, નીસદીન નીંદ તીસે ન આવે;
પ્રેમ પીડા તીસે પુછો જાઈ, જીને એ ભાલ કલેજે ખાઈ;
તેમ તેમ વીરેહા અદકી ચાલે, ચોટા વીરેહકી માંહે હઇડે સાલે;
પ્રેમ ઘાઓકો અઉપધ ન પાણી, જીને એ ભાલ લગતી જાણી,
છાની ચોટા વિરેહકી ભારી, જનમ ન પાલવે વિરેહકો જારી.

રે તુંહી...

ક્ષણું એક જો બાહીએ, પ્રેમજ કેરી જાલરે;
ભસમ કરે એક પલમાં, સ્વર્ગ મૃત પાતાલરે. ૭૯

નેહકે મીંદર જો જા પડીયા, રોમે રોમે તીસે દુઃખડા જડીઆ;
તન મન ધન પીઆકા જાણે, આપસ માંહે પીયુ ખ પીછાણે;
પીયુકી પ્રીત જીસ મન ભાવે, સો સબ જાઈ અગન જલાવે;
ઔર સો સારે સુખસું સોવે, પ્રેમું માટે સો ટપ ટપ રોવે,
અવર સો હાંસા બાજી બુઝે, વિરેહ વઇરાગીકું સબ કુછ સુઝે.

રે તુંહી...

સીસ સાટા જે કરે, સો ખેલે પ્રેમજ ખેલરે;
જીવ ગમાવે આપણા, અને સતસું બાંધે મેલરે. ૮૦

—*—

## (૫૭) પ્રેમ શુરાતનકી રીત.

સીસ સાટે શુરાપણ આણે, દુઃખ દોહેલા સુખ કરી જાણે;
કાયરપણા જો તીલબી કીજે, પ્રેમ પાઉં તો કયું કર દીજે;
દેખ ચોગાન જેસા ખેલા, પ્રેમ સ્વાદકા અસા મેલા;
શીશ ખોતાં જેણે શક ન આણયા, ખેલ મેદાનકા ઉને સબ જાણયા;
પીયુકા પ્રેમ છુપા ન જાવે, ખોવે શીશ તો તતક્ષણ પાવે.

રે તુંહી...

છાના નેહ હય પીયુકા, પ્રેમ ખેલો માયરે;
જીહાં લગી શીશ ઢલી પડે, તહાં લગી સન્મુખ જાયે. ૮૧

## (૫૮) પ્રેમ સતીકા આપ ખોણા.

સતીએ સત સુધા જાણી, જીવ દેતા જેણે શંક ન આણી;
જો ઈસ વાટે જીવણા ખોવે, સુરીજન સ્વાદ તો ચાખી જોવે;
શુધ બુધ ખોવે જો આપણી દેહા, તો રંગ લાગે સુરીજન નેહા;
ગાંઠ મુઠ કછુ નહીં રાખે, સતકા સ્વાદ તો જા ચાખે;
જહાં લગી આપસકું મુઆ ન લેખે, તહાં લગી સત મારગ નહીં દેખે;

રે તુંહી...

સાચા સતજ કીજીએ, અને જુઠ ન આવે કાજરે;
નેહ ન પાઈએ શાહકા, આપસ ખોયા બાજરે. ૯૨

—:o:—

## (૫૯) પ્રેમ આપ ગમાણેકા.

શાહ સોહાગણ સો કર જાણી, નેહ સુરીજનમે જો આપ સમાણી;
સુખ ને સ્વાદ તો દોજક કેરા, શાહ બીના જાણો સબ ફોકટ ફેરા;
જાહાં લગી પીયુજી ન પાઇએ અપણા, સ્વર્ગ માંહે તો હોવે તલપણા;
શાહા બીના વેદના સહી ન જાવે, સ્વાદ સ્વર્ગકા ઉસે ન ભાવે;
જીને કીને મીતસું નેહડા કીના, સાચા મીંતર ઉને જા લીના.

રે તુંહી...

જે લેહ પાયા પીયુ કને, સારી પુરી દેહરે;
દરશન પાયા પીયુકા, સ્વર્ગ ન મોહ્યા તેહરે;

## (૬૦) પ્રેમ આપ ખોનેકા.

દર્શન શાહકા સોઇ પાવે, જો આપસકું ખોઇ ગમાવે;
દુનીઆ શાહકી ઘાત ન જાણે, બાંધી મુઠી સબ પસ્તાણા;
સાચા જો કોઇ સતસું રહેવે, આપસ ખોવે ને શાહકું લહેવે;
ખોયા બાજ ન જોવે કોઇ, જોવે સોઈ જીને ખોઇયા હોઈ;
એતો આઇ પ્રેમકી ગાલી, કોઈ ન જોવે સીર ખોયા ટાલી.

રે તુંહી...

આપ ખોયે પીયુ મીલે, અને પીયુ ખોયે સબ હાણરે;
એ અકથ કાંહાંની પીયુકી, તમે સમજો લોકો જાણરે. ૯૪

### (૬૧) આપ ગમાણેકા મીસાલ છાશ મસકેકા.

છાશ મસકા પ્રગટ જોવે, જોવે સોહી જો છાશજ ખોવે;
જેમ જેમ માંહે પાણી બાવે, તેમ તેમ મસકા તરતા આવે;
જો કોઇ છાશ ઉગારી ચાવે, સો કયું મસકા પ્રગટ પાવે;
જો મહીઆરી સાચી હોવે, મસકે કારણ છાસજ ખોવે;
દીન અમુલા મુલ ન પાઈએ, સો કયું ફોકટ ખોહો ગમાઇએ.

રે તુંહી...

કોઇ ન લેવે છાશકું, સો મસકા કેરે ઠામરે;
મસકા ખોયા કાલ મુખે, છાસ ન આવે કામરે. ૮૫

### (૬૨) છાશ મસકેકા મીસાલ.

દેહા તો આહે છાસજ તોલ, પીયુજી મસકા માંહે અમોલ;
જેમ છાસ મસકે ન રહેવે, મસકા મુલ ત્યું અદકા લેવે;
દોહાગણ મસકા ખોઈ ગમાવે, સાચી સોહાગણ જે મસકા પાવે;
સાચી મઈઆરી જો મસકે લાગી, મસકા ખોવે સો મુરખ અભાગી;
સુરીજન મસકા તમમાં જાણો, દેહા છાસ તમે દેખ પીછાણો.

રે તુંહી...

જોઈ વલોવે આપકું, નેહકી રવાઈ બાહેરે;
જુઠી છાશજ દુર કરો, તો મસકા દેખા જાયરે. ૮૬

### (૬૩) દેહા ખોણેમે મીસાલ છીપ મોતીકા.

મોતી છીપ માંહે જેસા જાણો, એસા સાંહીઆ તમે દેખ પીછાણો;
પ્રતક્ષ મોતી તો જા પાવે, દેહા છીપ જો જાએ બજાવે;
છીપ ઉગારણ ચાવા કરશે, તો કયું મોતી નજરે ચડસે;
ડુબકી મારે એસા .રાવત નાહી, તીસથી રહેઆ માંહે છીપાઈ;
જેણે સમુદ્રમાં આપજ ખોયા, તીને જા મોતી પ્રતક્ષ જોયા.

રે તુંહી...

ખોયા જીને સમુદ્રમાં, સોઇ જોવે આજરે;
કીને ન પાયા પરગડા, આપસ ખોયા બાજરે. ૮૭

## (૬૪) જોગકી રીત.

જોગણ હોવે જોગીસું રાતી, ભભુત ચડાવે દરસન માતી;
મુંદ્રા કાને ને ભેખ કમાઈ, સાચે રાવલને ભુરકી બાઇ;
હાથે ખપર લે ઘર ઘર જાવે, બીન સીધ જોગી અવર ન ભાવે;
જોગણ જોગીકી જુગતી લેવે, સરવ કંથાકું આદેશજ દેવે;
કાને કુંડલ સતકા બાવે, સાચી જોગણ સોઈ કીલાવે.
રે તુંહી...
જોગીકું [જગ ઢુંઢીએ, આદેશ દેહી સબરે;
શાહ જો પાઇએ જોગકા, દરશણ હોવે તબરે. ૮૮

## (૬૫) જોગ ભેખકા.

ભેખ કરેથી જુગત ન આવે, જોગણ સોઇ જો દરસણ પાવે;
લે આપસકું ઓર દે મેલે, આસણ મારી જોગસું ખેલે;
એ તન જા લગ મેલ ન કરસી, જોગી કારણ તપી તપી મરસી;
રાવલ પાવે તો સુખ હોવે, જોગણ હોવે તો જોગી મોહાવે;
જેણે જોગીકી બાતજ જાણી, તીન જોગી સું જટા બંધાણી.
રે તુંહી...
રાવલ કારણ ઢુંઢીએ, જગ કછોટા વાલરે;
ચીતજ નીરમલ કીજીએ, માંહેકી કાસલ ટાલરે. ૮૯

## (૬૬) ઘટ અંદર કાસલ શોધન.

કાસલ માંહેકી એહી વીસેખો, જો આપસમેં આપ ન લેખો;
ઈતની કાસલ હયગી માંહે, ઉસથી શાહા સુખ દેખો નાહો;
જો ઓહોતેરી ભગતી કીજે, માંહે કાસલ ને બાહાર ધોઇજે;
માંહે નીરમલ નીર ન હોવે, બાહેર બેઠા ફોકટ ધોવે;
બાહેર ધોવે તો મેલ ન જાવે, જો પાણી માંહે જનમ ગમાવે.
રે તુંહી...
ઘર ઉપર જેમ દીવડા, અને માંહે કાલી રાતરે;
પતક્ષ ધોવે આપકું, અને માંહેકી કાસલ સાથરે. ૯૦

### (૬૭) માંહે કાસલકા મીસાલ મછીકા.

મછલી ભેદ જા દેખો લોગા, નીશદીન કરે વે નીરસું ભોગા;
જાકર અગની માંહી રંધાણી, વાસો નીર માંહે પણ ગંધ ગંધાણી;
કાટી કુટી જો નીરમાંહે બાહીએ, તેમ તેમ ગંધ જા અદકી પાઈએ;
માંહેકી કાસલબી એસી જાણી, ગંધ ન છોડે જો ધોઇએ પાણી;
એહી અચંબા પ્રગટ દેખો, માંહેથી કાસલ તમે એસી લેખો.

રે તુંહી...

મછલી દેખો જાઈ કર, જો બોહોત વસે જા નીરરે;
ગંધ ગંધાણી અગનથી, સો અવગુણ માંહે સરીરરે. ૯૧

### (૬૮) કાસલકા મીસાલ કલઈકા.

તરવા દેખો તમે એહી ભાવા, માંહે કાસલથી મુલ ન પાવા;
રૂપા કેરા મુલજ પાવે, માંહેથી કાસલ જો ખોઇ ગમાવે;
રંગ તો રૂપા કેરા કહીએ, માંહે કાસલસું મુલ ન લઇએ;
મન ચીત લાએ સુણો એ ગાલી, પાકજ કીજે મન કાસલ ટાલી;
માંહે કાસલ જો કછુ ન રહેવે, તો ખોટા તરવા કોઇ ન કહેવે.

રે તુંહી...

કાસલ માંહેથી ટાલીએ, તો પાઇએ રૂપા મોલરે,
તરવા તો હય પરગડા, અને રંગ હય રૂપા તોલરે; ૯૨

### (૬૯) કલઈકા મીસાલ.

પરખો કાસલ માંહેથી કાચી, ખરી અભાગણ જે તરવે રાચી;
પ્રતક્ષ એહી રૂડા દીઠા, તીસથી તરવા લાગા મીઠા;
તરવા દેહ દોય સરીખી જાણો, રૂપા ઈસ માંહે દેખ પીછાણો;
જબ વે તરવા નીકલ જાવે, તબ વથે રૂપા પ્રગટ પાવે;
મન સમજાઈ એતના જોણાં, તરવા કારણ રૂપા કયું ખોણાં.

રે તુંહી...

તરવા દેહી દો એક હે, અને પાવે સરખા મોલરે,
ઉસ માંહે રૂપા પરગડા, ત્યું દેહીમેં પ્રગટ ઢોલરે; ૯૩

## (૭૦) કાસલ શોધકની જુગતી.

એહી ધાતકા ભેદ જો બુઝે, તો આપસ માંહે ઉસે કયું ન સુઝે;
બાહેર ઢુંઢણ કીતકું જાવે, સગલી ધાત તો તન માંહે પાવે;
બોહોત બ્રાહ્મણ જોશી કીલાવે, ઘર અંધેરેસું ફીર કર આવે;
ઘટ માંહે આહે સુરીજન તેરા, કીનકું કીજે જા બાહેર ફેરા;
જે કોઈ નાંખે આપસકું ટાલી, પીયુજી વીના નહી દુજી ગાલી.

રે તુંહી...

ઘટમાં તીરથ મોક્ષકા, અને ઘટમાંહે ધરમ દુઆરરે;
સાચા ધોણાં માહેકા, અને ફોકટ ધોણાં બહારરે. ૯૪

## (૭૧) ભીતરકા કાસલ.

ભીતર મેલ સો નહીં સુજે, બાહેર ગંધા મેલ જા ધુજે;
મુખસું નામ સુરીજનકા લીજે, પથર શીશ સો ઝાઝા દીજે;
મેલજ આહે હઈડા માંહે, ધોયા ચાહીએ ઉસકા ઠાહે;
પતક્ષ ધોણાં એસા એલા, પ્રેમ બાજ ન આવે મેલા;
સુધા આહે એહી ભાવા, માંહે ધોવે સીર લગી પાવા.

રે તુંહી...

માંહે ધોઈએરે બાવલે, જો હોવે શુદ્ધ જ્ઞાનરે;
ઇયું કયું પાકજ હોઇએ, જેસા જોશી સનાનરે. ૯૫

## (૭૨) કાસલ ભીતર.

દેહડી માંહે પાક ન હોવે, ફોકટ એઠા બાહેર ધોવે;
બાહેર ચાંદ્રણા રૂડા ભાવે, માંહે અંધારા સો કામ ન આવે;
હીંદુ મુસલમાન જેતે કેતે, સો સબ દૃષો નામજ લેતે;
મકે મદીને કીતકુ જાવે, માંહે ધોવે તો શાહ સુખ પાવે;
ફાર ફીર કીજે ચોરી કામા, જીભું જપીએ સુરીજન નામા.

રે તુંહી...

બાહેર ચાંદ્રણા નીરમલ, અને માંહે કાલા રાતરે;
જેસા ચોરજ પરગડા, અપણી ચોરી સાથરે. ૯૬

## (૭૩) મકર મગતીકા

એ સબ ચોરી પ્રગટ દીના, જેસા મગતીને મકર કીના;
બાહેર સ્નાન તનકા કીજે, માંહે ખાતર જાકર દીજે;
પડયા શેખ પણ દીન ન પાવે, જાંહા લગ રસુલકી રાહા ન ધ્યાવે;
પડયા લોભ માયાકા કીતા, કોલ રસુલ પર ચીત ન દીતા;
દુનીઆદીન જો મીલતી વાતા, તો એ દીન હોકર કોઇ ન જાતા.

રે તુંહી...

દુનીઆ મુરદાર હે પરગડી, મકર ન આવે છેહરે;
દીનજ પાકા કીજીએ, દુનીઆ આખર ખેહરે. ૯૭

—:o:—

## (૭૪) મીસાલ મગતીકા.

દેખો મગતી કેરા કામા, વેબી ઢુંઢે કારણ દામા;
એતની ખુઆરી સીરપર સહેવે, દુનીઆ પાંખે જીવ ન રહેવે;
નહીતો બંદી વેબી કહીએ, જુઠે કામે કયું શાહ લહીએ;
રાબીયા દેખો દુનીઆ છોડી, તતક્ષણ અપણા સુરીજન લોણી;
સાચ કારણ જો દેહા દેવે, વે બી અપણા સુરીજન લેવે.

રે તુંહી...

મગતી બી જો સાચસું, લોણે અપણી વાટરે;
મીંતપણામાં સબ હે, કછુ ન રોકે ઘાટરે. ૯૮

## (૭૫) દુકાનદારકા મીસાલ.

બનીઆ બી ઇસ દુનીયા કારણે, આપે બેઠે દુકાનકે બારણે;
બહોત ગ્રાહક ચલકર આવે, તેમ તેમ ઉલટ અંગ ન માવે;
જુઠા જાણો એ સવલા ધંધા, લોક લુટણેકા એ હે ફંદા;
સુધા ચાલે જો અપણે ભાવા, તો જા અપણા સુરીજન પાવા;
મનમાં બુજો એ સાચી ગાલી, કોઇ ન પહોતા સાચજ ટાલી.

રે તુંહી...

દુકાન કર રહે બનીઆ, લોક ધુતણ કાજરે;
એસે કામે કયું મીલે, સુરીજન શાહ મહારાજરે. ૯૯

### (૭૬) મુલ્લાં ઓર શેખુંકા સીજરા.

મુલ્લાં મશાયેખ જાં લગી હોઇ, દુનીયા કારણ આપ સુખ ખોઇ;
એસે હીંદુ બી આચાર પાલે, સો સબ લાગે માયાકે ચાલે;
દુનીયા સ્વાદ જો કોઈ ચાવે, સો કયું અપણા સુરીજન પાવે;
દીનજ છોડી જીને દુનીઆ લોડી, મીસલ નબીકી ઉસને તોડી;
સુખસું મારગ અપણે રહીએ, સુરીજન અપણા તો જા લઈએ.

રે તુંહી...

સબ બંદે રહેમાનકે, સબ સુરત એક સમાનરે;
જીને દુનીયા લોડી દીનમાં, ઉને ખોયા ઇમાનરે. ૧૦૦

### (૭૭) શેખ મશાયેખ.

શેખ મશાયેખ જોઇ કીલાવે, સો સબ દુનીયામેં મકર ચલાવે;
હાથે મકરાજ લેવે દો ધારી, તીસથી કતરી દુનીયા સારી;
સાચી મકરાજ રસુલે લીની, જીને પૃથ્વી કતરી પાકજ કીની;
બાકી પાખંડ બાજી કહીએ, ઈલલ્લા કતરણી હાથે લહીએ;
ઈસથી કતરો તમે કુફરજ સારા, તો જા પાવો સુરીજન પ્યારા.

રે તુંહી...

સાચી મકરાજ સતકી, જો ચાલે જગ રસુલરે;
જો ખતરે થે શાહ બીના, સો કતરે જડ મુલરે. ૧૦૧

### (૭૮) મશાયેખકા બ્યાન. (પાઠ ૧૦૨ થી ૧૦૫)

સાચી મકરાજકા એહી ભાવા, ખતરે કતરે સીર લગી પાવા;
સાચા કતરણા મનકા કહીએ, જીસથી સુરીજન પ્રગટ લહીએ;
પીરૂ માંહે તો હોવે શરસી, માંહેકા મેલ જો સબ કતરસી;
બાહેર કતરણા હજામકા કામા, પીરપણા ઇયું ન હોવે નામા;
કાસલ આહે હઇડા માંહે, કતરા ચાહીએ સોઇ ઠાંહે.

રે તુંહી...

હઈડા કતરણી કીજીએ, સબ કાસલ નાંખો કાટરે;
પીરપણા કયું પાઈએ, બાહેર કતરે માટરે. ૧૦૨

સુજરા ટોપી હાથુ દેવે, નબી ચલે સો બાટ ન લેવે;
છાની ચોરી જાહેર બડાઈ, પ્રગટ પીરી કહી સંભલાઈ;
સબ કોઈ શેખ મશાયેખ કહેવે, જેસે બાટે બટાઉકું લેહવે;
એસે કામે શાહ ન રાજી, પીયુબીના સઘલી હએ મકરબાજી;
જપણીએ તપણીએ લોકા ઘેરે, ઇયું કર હઇડા ઉનુકા હેરે.

રે તુંહી...

ટોપી બાવે સીર માંહે; અને સુજરા દેવે હાથરે;
પીયુ ન બતાવે અપણા, તો જાય શેતાન સાથરે. ૧૦૩

ચાર તરક જો જા લેવે, સો જા સુજરા ટોપી દેવે;
પહેલી તરક તો આપાં કહીએ, સેવા કારણ જીવડા દઈએ;
દુજી તરક તમે દુનીયા આંખો, ચીત સઘલા શાહાપર રાખો;
ત્રીજી તરક તો ટાલા કરણા, નેકી બદીસું દેખી ડરણા;
ચોથી તરક તો પુરી હોઈ, નમી નમી ચાલે પીયુ પાવે શોઈ.

રે તુંહી...

કીરત કરો સબ પીયાકી, મકર કરો સબ બાહારરે;
એતો સાચા ખેલ હયે, પણ રહેણા ખંડા ધારરે. ૧૦૪

શેખ હોવે સબ શાહકે પાવે, સેવા શાહકી તન મનમેં ન લાવે;
દુનીયા કારણ લોક બુડાવે, સો કયું શાહકા દરસન પાવે;
આપ ઠગાવો તમે શાહકે પાવે, શાહજી પાખે સબ ખોઇ ગમાવે;
અપણી વાટે જો સુધા રહેતા, પીયુજી અપણા વે જા લેતા;
ફીરોન જગમાંહે બોહોત ઠગાયા, એસે કામે કોઈ શાહ ન પાયા.

રે તુંહી...

શેતાન મકર ન કીજીએ, શેખ મશાયેખ કીલાયરે;
દુનીયા સબ સંકલીઆ, ટોપી કફની બાયરે. ૧૦૫

## (૭૯) ભેખધારીકા મકર. (પાઠ ૧૦૬-૧૦૭)

બ્રાહ્મણ સન્યાસી હોવે જુગમાં, ભેખ કરે સબ ઠામે ઠામાં;
જોગીબી જા ગુફામેં પેસે, માલા કંથા લે પાસે બેસે;
તપીયા કાપડી જેતે કેતે, શો કાહાં કાહાં તીરથ જા જા લેતે;
સો અજ્ઞાની અપણે ભાવે, ઢુંઢયા કરે પણ મારગ ન પાવે;
દેહી મંદર જા મનકા માગો, રસુલ ચાલે સો પેંડે લાગો.

રે તુંહી...

ભેખજ સારા જગ કરે, અતી દુઃખ દેવે આપરે;
સાચ પાખે જો દોડણાં, સો અહકા કરણા પાપરે. ૧૦૬

મકર કરે ઓર લોક બતાવે, સાચ પાંખે તો શાહ ન પાવે;
દુનીયાકું જા ફજીહત કીજે, અપણે શાહસું લાહો લીજે;
દુનીયાસું રતી સરે ન કાજા, કાંહા તમે ઢુંઢો બહાર રાજા;
દરસણ કારણ સબ દુનીયા ધીઆવે, લોક બીચારે સો કયું શાહ પાવે;
એતો આહે સાચી બાટા, કીને ન દેખા ભેખજ માટા.

રે તુંહી...

ભેખ કરે સબ મકરસું, અને જુગ દીખલાવે મીંતરે;
તન ન શોધે આપણા, બેઠા રહે નચીંતરે. ૧૦૭

—*—

## (૮૦) મશાયેખકા મકર.

મુંડ મુંડાણા મકરજ ભાવા, માંહે મુંડાવો તમે સીર લગી પાવા;
તીસથી હોવે જા મન ચંગા, પીયુ પીછાણો તો લાગે રંગા;
શેખ કીલાણા શોહલા આહે, મુંડ મુંડાણા સો કારણ લાહે;
ટોપી કફની સીર પર બાહાવે, શેખ મશાયેખ સબ કોઈ કહાવે;
સાચા મુંડાણા સો મનકા કહીએ, જીસથી પીયાકું પ્રગટ લહીએ.

રે તુંહી...

માંહે મુંડા મન આપણા, અને સીર મુંડ કીયા હોયરે;
બોહોતજ ભેર મુંડાય હએ, સાંહી ન પાયા કોયરે. ૧૦૮

## (૮૧) અંતર શોધન.

દરસન કીતે જોગ ન પાઇએ, જાં લગ જોગીકે કેડે ન જાઈએ;
એતો દરસન ચંગા ભાવે, પીયુ રસાયણ જો માંહે ચલાવે;
તરવા દેખો તમે ભેદજ પુરા, રતી એક બાજ સર્વ અધુરા;
બાજ રસાયણ જીતના જલશે, તરવા દેહા કદી ના ટલશે;
તીલ રસાયણ પીયા જો પાઇએ, રૂપા સરીખા તો હોકર જાઇએ;
રે તુંહી...
સબ રસાયણ દેખીયા, પણ પીયુ સમાન ન કોયરે;
જીસમાં તીલ એક સંચરે, સો સબ તન રૂપા હોયરે. ૧૦૯

—*—

## (૮૨) ગુરૂ ભેદકી રસાયણ.

પીયુ રસાયણ જો કોઇ માતા, સો રોમે રોમે સુરીજનસું રાતા;
સો એક તીલ રતી કંહીન મોહોવે, સારે તન માંહે પીયુ પીયુ હોવે;
સાચે મને જો બાટે ચલીઆ, સારે તનમાંહે ઉસે પીયુ પીયુ રલીઆ;
માટી માંહે નીર જો દીજે, માંહે પેસે તો સારી ભીજે;
સુરીજન તમ માંહે એસા જાણી, જ્યું ભેદાણી માટી પાણી.
રે તુંહી...
જીસ માંહે સાશ સાચ હએ, સો અવરા કહીં ન મોયરે;
જ્યું જ્યું માંહે ભેદાઇએ, ત્યું સબ તન શાહા શાહા હોયરે. ૧૧૦

—*—

## (૮૩) ગુરૂ ભેદ.

માંહે ભેદાણા તમે એસા જાણી, જ્યું ભેદાણી માંહે માટી પાણી;
એક બુંદ પાણી જાકર પડસી, લોકું મીટ સોના ચડસી;
પીયુકે નેહ માંહે એસા હો જાઇએ, જ્યું બીસમીલ્લાહમે અલ્લાહ છીપાઇયે;
સાસ ઉસાસે જપ કર દેખો, જેસા દુધ માંહે મસકા પેખો;
એસા આપસકું ખોઇ ગમાઇયે, સાંહીઆ અપણા તો જા પાઇયે;
રે તુંહી...
પીયુ તો અપણે પાસ હય, ભાઈ મનમાં કીજે નેહરે;
જીયું પડી બુંદ સમુદ્રમેં, કેસે નીકલે તેહરે. ૧૧૧

## (૮૪) પરબોધ નસીહત.

બહોત પુકારણ તો દુરીજન કામા, પાસ હય સુરીજન તું લે કયું ન નામા;
નેહડા છાના જયું જયું હોવે, તીયું તીયું સુરીજનકું નેડે જોવે;
પાસ હય સુરીજન દુર મત દેખો, જયું નેનું માંહે પુતલી પેખો,
બહોત પુકારણ દુરજ લાગે, પાસ હય સુરીજન તું કયું ન જાગે;
જેસી ફુલું માંહે હોવે બાસા, એસા સુરીજન હય તુજ પાસા.
રે તુંહી...
તમ મત જાણો દુર હય, જયું ચંદા બસે આકાશરે.
સુરીજન તમમાં ઈયું વસે, જયું ફુલું માંહે વાસરે. ૧૧૨

-—o—-

## (૮૫) મીથ્યા ભેખ.

તપીઆ તપ કરણે જાવે, પ્રગટ જોતા સતી કીલાવે;
પંડીત પડીઆ ગુર બીન ગીનાની, તપ ખોયા પણ વાત ન જાની;
જોગી જંગમ જગ લપટાણે, પંડીત પડીઆ પણ વાત ન જાણે;
કાચે ભાંડે જો કુછ બાહીએ, તતખણ સારા ખોઇ ગમાઇએ;
મુદલાં પંડીત સબ કાચા જાણી, કાચે ભાંડે કીત રહેસી પાણી.
રે તુંહી...
સતે રહો તમ સતીઆ, અને પીયુસું કરો વેહેવારરે;
કોઈ ન પોતા સત વીના, સો તર કર પેહેલે પારરે. ૧૧૩

—*—

## (૮૬) સત બાતસે નીજાત હોવે.

સતે તરે જેમ સમુદ્ર નાવા, બિન સત બુડે સો પાર ન પાવા;
જો સત હોવે તો લાગે તીરા, બિન સત બુડે બોહોળે નીરા;
સતગુર તારી પારજ લાવે, સત છોડે તો પુર માંહે બાહાવે;
અથાગ આગલ જો લાગે પાણી, સતકી નાવ સતગુરેજ આણી;
સતકું ન લાગે અગન ન પાણી, સતકી બાતાં તો સતગુર જાણી.
રે તુંહી...
સાચી નાવજ સતકી, જો તરકર લાગે પારરે;
કીયું ન બુડે હો મના, જીને જુઠા ભરીઆ ભારરે. ૧૧૪

## (૮૭) દો નાવુંકી વીગત.

જો તમે દેખો સમુદ્ર પાસ, એ તન નાવ તમે સમજો દાસ;
ફુટી નાવ જો નીર માંહે આઇએ, તો સાહેર ઉતર કીયું પારજ પાઈએ;
જો તમે જાણો જે પારજ લીજે, તો પહેલે નાવ સાજી કીજે;
જો આપકું બુડા લોડે, તો ફુટી નાવ લે નીરમાંહે છોડે;
સાહેર ચલાઆ તીસે પુછો તેડી, કેમ પાર ઉતરશે ફુટી બેડી.

રે તુંહી...

સાચી નાવ સો સતકી, જો ઉતરે પહેલે પારરે;
સત વીના જો ધ્યાઇએ, તો કોઇ ન ઉતારે પારરે. ૧૧૫

—:o:—

## (૮૮) એક મન થાવું. (પાઠ ૧૧૬ થી ૧૧૯)

મેંતો તમકું દોએ દીખલાયા, એક મન પાંખે કોઇ પાર ન પાયા;
બુજો સોહાગણ જો હોવે સાચી, એક મન પાંખે સો સારી કાચી;
એક મન એક ચીત ધીઆવો પંથા, દો સુખ સુઈ ન ફુટે કંથા;
એક એક કરતાં જીવડા દેવે, જગ દુસરેકા નામ ન લેવે;
ફુટો નારી તીસકા હુઇઆ, એક સીર તન દોય પતઇઆ.

રે તુંહી...

એકસું ચીત લાય કર, દુજે દ્વાર મત જાયરે;
દો મુખ બોલે માંદલા, સો બહોત તમાચે ખાયરે. ૧૧૬

જેતી કેતી જો પોથી હોવે, સારે પંડીત મીલ ઢુંઢી જોવે;
તીસ માંહે દેખો હય એહી ધાતા, એક મન પાંખે ન આવે હાથા;
જો તમે પુજો દેવલ દેરા, એક મન પાંખે હય સગલા ફેરા;
જપણી તપણી લોક દીખાવે, એક મન પાંખે શુધ ન પાવે;
બ્રાહ્મણ રૂપ તો તમને કીના, એક મન પાંખે ઠામ ન લીના.

રે તુંહી...

હઈડે ભીતર ચોરીઆં, અને જીભું મીઠી બાતરે;
બાહેર દીસે નીરમલા, અને માંહે કાલી રાતરે. ૧૧૭

પંડીત એક મના હોકર ધ્યાવે, પોથી પાના કછુ કામ ન આવે;
પોથી સહસ્ર પચાસજ હોય, ગધે પીઠ લાધે જો કોઇ;
જેસા ગધા ન બુજે સાવા, એક મન પાંખે હુય એસા ભાવા;
જનમ ગમાઈએ જો પોથી માંહે, એક મન પાંખે ન આવે ઠાંહે;
સાચી પોથી જો સીદક ઇમાના, એક મન પાંખે ન આવે ગીનાના.

રે તુંહી...

પંડીત પડીઆ બહોત કર, અને સાચા ન લીયા સેરરે;
જો બોહોતેરા દોડીએ, તો પડીએ મોટે ફેરરે. ૧૧૮

પંડીત સોઇ જો એક મન ધ્યાવે, એક મન પાંખે કોઈ પાર ન પાવે;
સતગુર જુગમાંહે બોહોત કીલાવે, એક મન પાંખે કોય શુધ ન બતાવે;
પોથી ભાર બહોતેરા દેખે, એક મન પાંખે ન લાગે લેખે;
મુગત મારગ સતગુરથી પાવે, જો સત પોથીસું જીવડા લાવે;
સાચા પંડીત સોઇ જોયા, જીને આથી પોથીકું સારા ધોયા.

રે તુંહી...

પંડીત પડીયા બહોત કર, પોથી પાને લાએરે;
જુઠી પોથી દુર કરો, એક ગુસાંઈઆ ધીયાયરે. ૧૧૯

---

## (૮૯) પરેમકી પોથી.

પ્રેમકી પોથી તમે વાંચો મીંતા, પરતક પોથી ન આણો ચીતા;
પ્રેમકી પોથી જો કોઈ લેવે, સો દુજી પોથીકું હાથ ન દેવે;
જીને કીને પોથી સતકી જોઇ, તીને આથી પોથી સારી ખોઇ;
આથી પોથીસું સરે ન કાજ, પ્રેમકી પોથી તમે વાંચો આજ,
સાચી પોથી પ્રેમકી કહીએ, જીસથી અપણા સુરીજન લહીએ.

રે તુંહી...

પોથી પાનાં કીયા પડો, અને કાંહાં જા લાવો ચીતરે;
સાચી પોથી પ્રેમકી, સો કીયું ન વાંચો મીંતરે. ૧૨૦

## (૯૦) પ્રેમ સાચા.

સાચી પોથી તમે સોઈ જાણો, નબી ચાલે સો દેખ પીછાણો;
જુઠી પોથીસું જનમ ન લાણાં, ખોયા જનમ ન મિલસી ટાણાં;
નબીયું કેરા એ હય ખેલા, ઉને આપું ખોયા પ્રેમસું ભેલા;
દુજી બાટે ન પોતા કોઈ, બહોત ગીઆન માંહે ઢુંઢી જોઈ;
ઉનેબી આંખી એહી ગાલી, કીને ન પાયા શીર ખોયા ટાલી;
રે તુંહી...
એ તો પ્રેમકા ખેલ હય, પાઈએ શીરજ માટરે;
નબીએ ખોયા પ્રેમમાં, સાચી એ હય વાટરે. ૧૨૧

## (૯૧) ભકિત તથા મિથ્યા સિદ્ધી.

ભક્તિ ભાવ તો પહેલા કરણા, જપણી તપણીકી બાટે ચલણા;
ઇસ બાટે તો સબ કોઇ આવે, પોંહોચે સોઇ જો આપ ગમાવે;
કીસે કરામત એ હય જો રાજી, જેસા ચીણા મંતર બાજી;
લોક ઉડાવણ કરસે કાજ, જનમ વીગુતા રહ્યા શાહા બાજ;
જીસમેં પીયુજી ન પાવે તેરા, સો સબ જાણો હય દેવલ દેરા.
રે તુંહી...
દેવલ દેહેરા છાંડીએ, જોઈ લીજે વાટરે;
ચુંદી ચાવા જે કરે, સો ઘડાએસી બહોતજ ઘાટરે. ૧૨૨

## (૯૨) સિદ્ધી મિથ્યાકી સમજ.

જીયું ચીડા મંતર બાજી લાવે, યું કર સારા લોક ઉડાવે;
એસી કરામત જે કોઇ લાગા, જા પસતાસી સો મુરખ અભાગા;
નુર દેખણેકા કરસે ચાવા, સો સબ જાણો હે દરસણ ભાવા;
એ સબ ચુંદી દેહી ઉડાણા, પીયુ બીના કેસા મીલે ઠેકાણા;
અવર કંઇ ન કીજે ભાવા, જો ના દેખો સુરીજનકા પાવા.
રે તુંહી...
પીયુ બીના જો દેખાડીએ, સો સબ બાજી જાણરેં;
અવરૂં જીવ લોભાઇએ, તો મીંતજ હોવે હાણરે. ૧૨૩

### (૯૩) બેટેકી પ્રિત બાપસું.

બાવા કીસકા કાંહાં કાંહાં જાવે, પુતાબી જા કર કેડે ધાવે;
દમડી દોકડે પર જીવ ન લાવે, બાવા ચાવે ઓર ન ભાવે;
ફીર ફીર આખેઆ તેરા ચાવા, લેણા કછુ ન કરસે ભાવા;
બાવા પુતા સીને પર લેવે, એસા પીયુ પર જીવડા રહેવે;
સબ કરામત બાજી ધાતા, મુરશદ આંખે સાચી બાતા.
રે તુંહી...
સાચા પુતા તીસે કહું, જો જાવે બાવા સાથરે;
મનમાં કછુ ન ભાવહી, ઓર કછુ ન લેવે હાથરે. ૧૨૪

### (૯૪) માટીકી દેહકા બયાન.

લાંબા ફેરા કાહેકું કરણા, સતકી બાટે જા પગલા ધરણા;
ઈસ ઘર ઉસ ઘર નેહે જો લાગા, જા પસ્તાસી સો મુરખ અભાગા;
માટીકે ઘટકા કેસા ભાવા, અપણી દેહીકાબી એસા સાવા;
જનમ ગમાઈએ માટી માંહે, માટીબી હય માટી ઠાંહે;
દેહડી જેસી હોવે એહા, એસી જાણે હય તેરી દેહા.
રે તુંહી...
એ તન કાચા પીંડ હય, માંહે પીયુકા બંધરે;
ફીલી સમજો બાવરે, સઘળી સંધો સંધરે. ૧૨૫

### (૯૫) માટીકી દેહા આખર ફના.

કાચી માટી યું કર જીવે, માટી ખાવે ઓર માટી પીવે;
સોને સરીખી જો કીજે દેહા, આખર જાતાં માટી એહા;
માટી મીલણા એસા જાણી, એ તન ખાવે સબ માટી પાણી;
પરતક સમજો તમે રૂડી બાતાં, સાચી આહે એહીજ ધાતાં;
માટી ભેદ જો પુરા પાવે, એસા જાણીને લીજે લાવે.
રે તુંહી...
ઇસમે સારા ખુબ હય, અને ઘડીઆ બહોતજ ઘાટરે;
જે કોઈ લાગા અવરસું, તીન ખોયા માટી માટરે. ૧૨૬

## (૯૬) કાચી માટીકી સમજ.

સોવન પુતલી માટી મુલા, માટી દેખ કર માટી ફુલા;
માટી ભોગ જો માટી ખાવે, માટી ઉપર સબ રંગ સોહાવે;
માટી બાજ ન ઉપના કોઇ, જાતે દાડે સબ માટી હોઈ;
એસા જગ તમે જાણો લોકા, મીલ મીલ કીજે માંહે શાહસું ભોગા;
મત કોઈ ઇસસું જીવડા લાવે, પલ માંહે એ રંગ ફીર કર જાવે.
રે તુંહી...
ઇસમેં સારા બુજીઓ, પતંગ કેરા રંગરે;
જનમ ગમાઇએ ઇસસું, પણ પછે ફેરાવે ઢંગરે. ૧૨૭

## (૯૭) માટીકી દેહા.

જો જા રાજા ધરાયા નામા, આખર હોવે મીટી માંહે ઠામા;
ભાંને ઘડે કરે સબ કાજ, લે બીઠલાવે એકકું રાજ;
રાજ દીયા તો કીયા બડાઈ, ભીખ મંગાવે તો કીયા ઘટ જાઇ;
ઘડીઆ ઘાટ માણક જેહા, એસી જાણો હય તેરી દેહા;
ભાગી ઠીકરી હય માટી મેલા, એસે ચાવું જો માંહે ખેલા.
રે તુંહી...
માટીથી સબ ઉપના, માટી હોવે છેહરે;
રાજ સહસ્ત્ર જો કરે, પણ આખર જાતા ખેહરે. ૧૨૮

## (૯૮) કાચી મીટી અંતે નાસ.

જગ સારેકા એ હય રંગા, ચલીઆ જાવે સબ અપણે ઢંગા;
સપને જેસા એ જગ જાણો, થીર ન રહેશે એ સહી પરમાણો;
ઘડી ન રહેવે એક સભાવે, બોહોત ન જુગમેં રેહણે પાવે;
છાયા જેસા એ તન જાણો, થીર ન રહેવે દેખ પીછાણો;
મન ચીત લાય જીને ઢુંઢી જોયા, સો ઈસ દુનીઆ માંહે કહીં ન મોયા;
રે તુંહી...
એ જગ સારા સપના હય, એક તીલ આન દીખાયરે;
જયસા રંગ પતંગકા, સો નીશ્ચે ફીરકર જાયરે. ૧૨૯

## (૯૯) ખોટી દુનીયા.

જુગ સારેમેં જો જો સાવા, ઢુંઢીઆ સારૂ ને સીર લગી પાવા;
ઇસ માંહે કછુ સાર ન પાયા, જોયા સારૂ ને ઠોક બજાયા;
ખોટે ધંધે સબ લોક ઠગાયા, માણક ખોયા પણ હાથ ન આયા,
હઇડા લાવે સુરીજન સાથે, તોજા સાંહીઆ આવે હાથે;
સબ કોઇ રંગે રાતે માતે, હાથ ઝટક કર સો ઠાલે જાતે.
રે તુંહી...
સબ કોઇ દેખો ઢુંઢ કર, ખાંધે માંદલ બાહેરે;
એ જગ કીસે નહીં આપણા, તમે દેખો ઠોક બજાયરે. ૧૩૦

## (૧૦૦) દુનીયા ફાની.

ઉતારે જેસા એ હય બાસા; જેસા રહીએ રાતે વાસા;
આખર ચલણા તમે દેખો લોગા, જો બોહોતેરા કીજે ભોગા;
પંથી જયસા બાટે ચલણા, અપણા ચીત સો કંહી ન ધરણા;
બાટે ચલતા કહીં જો લાગે; ખોટી હોવે ને દાડા ભાગે;
જો દીન અસુલ્ર સુલ ન પાઇએ, સો કયું ફોકટ ખોઇ ગમાઇએ.
રે તુંહી...
પીઠ ભલી ઇસ જુગ માંહે, સબ કુછ નેકી બીકાયરે;
જીસ ઘર સુરીજન પ્રિત નહીં, ફુક દીયો તીસ ભાઇરે. ૧૩૧

—:ः:—

## (૧૦૧) ખુદાકા ખેલ.

સુરીજન પાંખે ન આવે સાવા, જો જા દીજે સરગમેં પાવા;
જો મહારાજા ધરાયા નામા. પીયુ પાંખે ન આવે ઠામા;
આપે રાવત આપે હય રાજા, આપે સઘલા કરે સો કાજા;
આપે પીંડત ગુરૂ કીલાવે, મુરખ લોકા કોઇ મરમ ન પાવે;
આપે જાણે સો સઘલી બાતા, વીગતું કીની સઘલી ધાતાં.
રે તુંહી...
એતો પીયુકા મરમ હય, અને કોઈ ન જાણે ધાતરે;
કેડે કીસીકે જો રહ્યા, યું કર ખોયા સાથરે. ૧૩૨

## (૧૦૨) જુઠી દુનીઆ.

બહોત ધાઇ ને ધંધે લાગા, અપણા ચીતા સો સબ કુછ માગા;
અપણા ચીતા ન મીલસી દાણા, જો બોહોતેરા કીજે જાણા;
જીસકું અપણી પીઠ ન સુજે, સુરીજન બાતાં સો કીયું કર બુજે;
અવર મંડાણ ને અવરજ ધાતાં, કોઇ ન બુજે ઈસકી બાતાં
જુઠી બાતે ચીત ન દઇએ, કાલે ઘેલે હોકર રહીએ.

રે તુંહી...

જો ચીતે સો વય કરે, તેરે ચીતે કીયા હોયરે
જુઠી હું હું તું કરે, પણ કામ ન સીજે કોયરે. ૧૩૩

## (૧૦૩) ફરતા હરતા ખુદા હય.

જુઠી હું હું બોહોતેરી કીજે. એ કોઈ કામ અપણા ન સીજે;
સતગુરૂ ભેદ સબ બોલી કહેવે, સો સુણકર મોમન ફરમાને રહેવે;
કરે સો આપને બાના દેવે, ખરા ખોટા સો સું કર લેવે;
મુરખ લોકાં કોઈ મરમ ન પાવે, માંહો માંહે તો ઝગડા લાવે;
સબ કોઇ આંખે મેં જો કીના. કરે સો આપ ને બાનાં દીના.

રે તુંહી...

આપ કરે સો હો વહી, દુજા કરે મત જાણરે;
કછુ ન હોવે અવરથી, એતા માંડયા મંડાણરે; ૧૩૪

## (૧૦૪) કીસમતકા બાટા.

અપણે ભાવે વીચારજ કીના, પાતી સગલી વીગતે દીના;
આધી ઉસકું સારી ન હોવે, જો બહોતેરા ધંધા કર જોવે;
પરતક સમજો તમે રૂડી ગાલી, અધીક ન હોવે લીખીયા ટાલી;
રાત દીવસ જો રેલા કીજે, આખર લીખીયા સોઇ લીજે;
એક સો બયઠા સુખસું રેહવે, અપણી કીસમત વયબી લેવે.

રે તુંહી...

જીસકું જીતનાં સરજ્યા, તીસકું તીતનાં હોયરે;
રતી ઘટે ન તીલ વધે, જો શીર મારે ભોંયરે. ૧૩૫

## (૧૦૫) કીસમત (પાઠ ૧૩૬ થી ૧૩૯)

ઓહોત ધન તમે આન મીલાવો, શીરકે ઉપર કીયા લે જાવો;
ઠાલા દુખડા શીર ઉપર લેણાં, લે આપસકું બીચ ધંધે દેણાં;
રોલા કરે ને સુખસું બએઠે, સુરીજન લીખ્યા સો કોઇ ન મેટે;
રીઝક રોજી ધન જો કહીએ, સો સબ દીનાં શાહકા લહીએ;
અવરૂં જીવડા જીંન કીંન બાંધા, લીખીઆ પાંખે ન હોવે આધા.

રે તુંહી...

જગ સારેમેં હીંડ ફીરો, અને ઘર ઘર લાવો ચીતરે;
લોહો પર નકશ ઉઠાયા, જરા ન ચાલે તીતરે. ૧૩૬

તમા કરે ઓર ભીખજ માગે, બીના કીસમત કછુ હાથ ન લાગે;
મરણા ભલા જગ માંગણા ભીખ, કીસમતસેંથી ચાવે અધીક;
અપણી કીસમત રાજી ન રહેવે, ઈજત ખોવે ફજીતી સેહેવે;
ઇસ જગમાંહે એહી ખુવારી, જો કોઈ માંગે હાથ પસારી;
આપસ જેસેકી કીજે આસા, મરણા ભલા પણ માંગણા દાસા.

રે તુંહી...

નીસત જગમાં સત કરો, અને છોડો બિરાની આસરે;
મરણા ભલા પણ માંગણાં, આપસ જયસે પાસરે. ૧૩૭

ભુખા ભુખા કર જુગમાં ધાવે, હયા શરમ તુજે લાજ ન આવે;
જીને ઈતા સબ ઘડીયા ઘાટ, સો કયું છોડે તુજ ખાણે માટ;
જામીન હુઆ હય જગમેં અપણા, રઝક રોટીકું કાયકું તપણા;
પુગે ટાણે સો આન મીલાવે, અપણે હાથું હાથ ખીલાવે;
ભાંડા ઘડીયા મુખ કર્યા આય, સો તો જાણો તમે ભર્યા ચાય.

રે તુંહી...

ભુખા ભુખા કયા કરો, ભાઇ કયા સુનાવો લોકરે;
ભાંડા ઘડીયા મુખ કીયા, સો કછુક બાવણ જોગરે. ૧૩૮

રોજી રઝક સો લીખ્યા પાવે, અગરબથી જો મગરબ જાવે;
વાણે ચડયા જો કેડે ધાઇએ, આખર લીખ્યા સોઇ પાઇએ;
સબુરી કરો તમે દુખ ન આણો, રીઝક અપણા દેખ પીછાણો;
તમકું ભેજા સેવાકે કારણે, જીવ રાખો ઉસ ઉપર ધારણે;
ભક્તિ પ્યારી જા અદકા કીજે, દરસન ભીખ જા ઉસમેં લીજે.

રે તુંહી...

સેવા કારણે ભેજીઆ, જા કર લોણા મીંતરે;
તીસથી મુખ ફીરાયકે, તે રોટી લાયા ચીંતરે. ૧૩૯

—:o:—

## (૧૦૬) રાતમે બંદગીકી ખુબીકા ઝીકર.

જીસકું પીયાકી વિરેહ હોવે, સો કયું જાકર રોટી મોહોવે;
ઉસકું તપતે રેહેણી જાવે, સુખસું નીંદ તીસે કેસી આવે;
ઉસ દોહાગણકી ફુટી છાતી, શાહા વીસારી જે નીંદજ માતી;
જુઠ બીસારો તો નીંદ ન આવે, સાચ કારણ સબ જુઠ ગમાવે;
જીસકું પીયુકા બીછોડા હોવે, સો કયું રહેણી સુખસું સોવે.

રે તુંહી...

જીસે બીછોડા પીયુકા, તીસે નીંદ ન આવે રાતરે;
જીવ ગમાવે આપણા, અરજ કરે દીન રાતરે. ૧૪૦

## (૧૦૭) રાતકી ખુબી. (પાઠ ૧૪૧ થી ૧૪૩)

રેહેણી આહે જગ અમુલા, મીંત મીલાવા ખુદ પાયે રસુલા;
દીવસે કીજે સબ હાલા ચાલા, રેહેણી પીયુકું મીલો નીરાલા;
પશુ પંખી જાંહાં જગ કહાવે, રેહેણી સબકા મેળા પાવે;
જે જીવ જાગે જીકરૂં સાચા, પીયુ મીલણેકી ઇસમેં વાચા,
મએરાજ રસુલ જુગમાંએ પાયા, સો સબ રેહેણી જીકરે જગાયા.

રે તુંહી...

રેહેણી ભેજી ઇસ જુગમાંહે, મીંત મીલાવા કાજરે;
રસુલબી એ રેહેણી માંહે, જા પાયા મએરાજરે. ૧૪૧

મએરાજ મોમનકું હાથું લાગે, સો કયું ખોવે મુરખ અભાગે;
મકબુલ જેતે જુગમાંહે કહીયા, સો સબ શાહકું રેહેણી માંહે લહીઆ;
પંડીત પડીઆ રેહેણી જીતના, જનમ લીખાણા નબી સો તીતના;
પશુ પંખી જુવો જગાવે, સો સબ રેહેણીમાં ઝીકર લગાવે;
ભક્તિ ભાવ જીન જુગમાંહે કીતા, તીન સબ શાહકું રેહેણી માંહે લીતા.

રે તુંહી...

રંગ ભોગ જે અતી કીયા, સો સબ રેહેણી ઠામરે;
જીસ માંહે જીતના સાચ થા, તીન તીતના પાયા મુકામરે. ૧૪૨

કાચા પાકા જીને કોને કીના, સો રેહેણી જાગા ને પ્રેમુ ભીના;
પીર પેકામ્બર જાં લગ કીતા, તીસે રેહેણી માંહે દરજા દીતા;
પેહેલે બાજી માંહે પરદે રાખી, ગુંજ બોલા સબ સીંતુ આખી;
દીવસે જગકું જાય જગાવો, રેહેણી થોડી તમે હાથું લાવો;
જે કોઈ પુરા થા પ્રેમ સંજોગા, ઉસે કરાયા રહેણી માંહે ભોગા;

રે તુંહી...

કરમ નીલાડી જીસકી, તીસે કીનાં રેહેણી જોગરે;
પ્રેમે ભેલાણાં શાહાસું, તીને ફીર ફીર માણીઆ ભોગરે. ૧૪૩

## (૧૦૮) દેહા રહેણીકી ખુબી.

માણસ રૂપ તમે જુગમાંહે આણે, કાંઇ ન ચેતો તમે અપણે ટાણે;
નીત નીત કરણા પીયુસું ચાવા, સો લોઢણ તમકું જગમે આવા;
આપ પીછાણો તમે મુરખ લોગાં, તમકું કી ના પીછાનત જોગા;
ખાકજ કેરી એ દેહડી કહીએ, ગઉહર માણક તો ઇસમાં લઈએ;
જીને પીછાણા સો ફીર ફીર જાગા, પ્રેમ લોભાણા સો કેડે લાગા.

રે તુંહી...

જેણે આપ પીછાણીઆ, ફીર ફીર જાગીઆ તેહરે;
જીને ઢુંઢીયા મન ચીત લાયકર, ઉને પાયા અપણી દેહરે. ૧૪૪

## (૧૦૯) દેહકી ખુબી.

પીયુકી પ્રિત જીને જુગ માંહે જાણી, પારખુ હોતે તીને દેખ પીછાણી
એહી મારગ પીયુકા કહીએ, સો સબ શાહાકું માંહે દેહા લઇએ;
નબી સો જુગમાંહે જીતના કીના, ઉને બી બીશારત દેહકી દીના;
સાચા થા તીને ઢુંઢી દેખા, ઇનેબી પરછા એહી વીસેખા;
રસુલે આંખી એહ જો ગાલી, કોઇ ન પાકા સુરીજન ટાલી.

રે તુંહી...

પીયુ પીછાણણા લોણીએ, તો દેહીમાંહે પીછાણરે;
રસુલ બી ઇસ દેહીમા, પરગટ આંખ્યા જાણરે. ૧૪૫

—*—

## (૧૧૦) દેહ આત્માકા દ્રષ્ટાંત પારે ગંધકકા

પારા ગંધક એહી વીસેખો, સઘલે રૂપેકા ભેદજ દેખો;
પારેમાંહે ગંધક દીના, એસા આપસમાંહે ભેદજ કીના;
જાં લગી પારામાંહે ગંધક હોવે, તાં લગી દેહ તો કેસા સોહાવે;
જબ વે ગંધક નીકલ જાવે, તબ વે સારા જા હાથજ આવે;
એસા તનમાંહે હય સુરીજન, દેખા ન જાવે માંહે હય દુરીજન.

રે તુંહી...

સઘલે રૂપેકા ભેદ હય, ઢુંઢ કર દેખો જાયરે;
પીયુ હય પાર પરગડા, પણ ગંધક લીએ છીપાયરે. ૧૪૬

—*—

## (૧૧૧) દેહા આત્માકો દ્રષ્ટાંત.

એસા દેહી માહેં શાહા પરદે રેહવે, માંહેકા ભેદ સો કોઇ ન લેહેવે;
દેહા ગંધક સરખી જાણો, પીયુજી પારા માંહે દેખ પછાણો;
ગંધક જા કર જો અલગા હોવે, પીયુજી પારા તો પરગટ જોવે;
એસા તન માંહે પીયાબી લેખો, પારા માંહે ગંધક જયું દેખો;
દેહા પીછાણો તો નહીં દુરીજન, નહીં તો હાથેથી ખોયા સુરીજન.

રે તુંહી...

તુજમાંહેં સુરીજન સત હય, નેણે ઢુંઢી લેહરે;
દેહા દુરીજન આપણી, સો પુરી કસ કર લેહરે. ૧૪૭

### (૧૧૨) દેહા આત્મા.

નવસા કેરે જીતને કામા, મીંતજ જાણે સબકા ઠામા;
કહ્યા માનો તમે જીસકા જાઇ, આપસ રાખો પીયુ પર લાઇ;
જબ કુછ પાવે તેરી દેહા, તેમ તેમ વાધે માંહે શાહકા નેહા;
શાહા બીના અવર કંહી ન મોહોવે, ખોવે આપતો સાહકું જોવે;
નહી તો દેહા મરકબ કીના, ચોરૂં હાથું સો લેકર દીના.

રે તુંહી...

ચોરૂં હાથું જો જડે, સો ખોવે વસ્ત અસુલરે;
પીયુ મીલાવા જો કરે, સો દેહા દેખે ખોલરે. ૧૪૮

—*—

### (૧૧૩) દેહા ઝીકર.

દેહા પીછાણણા અધીકજ કામા, સગલા આહે ઇસ માંહે ઠામા;
દેવલ દેરા તમે દેહા જાણો, પડદે સાંહી ઇસમાંહી પછાણો;
જીસ મીંદરમે રાજા આવે, ઉસકું છોડ અવર કાંહાં ધાવે;
ઓર સબ આહે મકરજ બાતાં, શાહા ન મીલસી અવરજ ધાતાં;
દેહા ચાંદ્રણ માંહે ઉજારો, આપસ લે કર પીયા પર વારો.

રે તુંહી.

જો જાણો શાહા પીછાણીએ, તો પહેલે આપ પીછાણુરે;
જો કુછ આહે પીછાણણા, સો સબ તુજમાંહે જાણુરે. ૧૪૯

—:o:—

### (૧૧૪) દેહકા ઝીકર. (પાઠ ૧૫૦-૧૫૧)

દેહીકા મરતબા મોટા જાણો, દો આલમ હય ઈસમાંહે પીછાણો;
બાહેર દીસે સપત (૯) જમીનાં, હફ્ત (૭) આસમાન તનમાંહે કીનાં;
ખતરેથી જો લાગે નીયારા, પરગટ આભે જડીયા તારા;
ચંદ્ર સુરજ દોએ દીસે દુરા, માંહે ન આવે ચાંદ્રણાં પુરા;
ખતરેથી જો પાકજ હોવે, સારા ભેદ તો પરગટ જોવે.

રે તુંહી....

હફ્ત આસમાન હે તનમાંહે, જો ખતરે જાવે સમરે;
ચંદ્ર સુરજ દોય દેખ્યા, એકજ હોવે જબરે. ૧૫૦

હફ્ત આસમાન તનમાંહે લહીયે, હફ્ત જમીનાં બાહેર નાં કહીએ;
ચઉદ તબક તમે એ દેહ જાણો, હફ્ત આસમાન તમે દેખ પીછાણો;
ખતરેથી સબ લાગે ઝાંખા, ખતરા ખોવે સુખ જોવે શાહાકા;
ચંદ્ર સુરજકા ભેદ જો પાવ, સારે ખતરે તબ નીકલ જાવે;
દેખા લોણે સુરીજન જોઇ, સો માંહેથી ખતરે નાંખે ખોઈ;

રે તુંહી...

માંહે આસમાન સવારીએ, ખતરે કીજે ખેહરે;
સુરીજન આએ પરગડા, તમે દેખો અપણી દેહરે. ૧૫૧

—o—

## (૧૧૫) આત્માકા દ્રષ્ટાંત સુરજકા.

પીયુ નમુના જયું સુરજ જાણો, પરતક આહે તમે દેખ પીછાણો;
જીતના ઉપર ચડતા જાવે, સારૂંકે શીર તીતના આવે;
મંદીર જગમાંહે જીતના કહીએ, સારૂંકે શીર તીતના લહીએ;
સુરીજન સબ તનમેં એસા આહે, કાસલસેંથી દેખા ન જાએ;
જીને એ કાસલ માંહેથી ખોઇ, સુરીજન દરસન તીન પરગટ જોઈ.

રે તુંહી...

કાસલ માંહેથી કાઢીએ, અને ચાંદ્રણા કીજે દેહરે;
જબ દરસન દેખો પીયાકા, તબ અદકા ઉઠે નેહરે. ૧૫૨

—o—

## (૧૧૬) ગુરૂ મહીમા.

સુરશીદ ચાહીએ અસરાફીલ ઠાંહે, શુર ફુંકે મોહબતકી માંહે;
માંહે આસમાન સબ જાડ ઉડાવે, પાક કરે સબ ખતરે જાવે;
માંહે આસમાન પાકજ હોવે, સુરીજન મુખડા તો પરગટ જોવે;
સુરશીદ સબલા જો હાથું આવે, તો સપત આસમાનકા ભેદ બુજાવે;
જેસા સુરશીદ કીજે લોગા, જાતે દાડે હોય તેસા ભોગા.

રે તુંહી...

અસરાફીલ તો રંગ હય, તો એ ભેદ બુજાયરે;
પાસે રહે કર ફુકીએ, તો રડ ગડ સબ ઉડાયરે. ૧૫૩

### (૧૧૭) ગુરૂ ભેદ.

જાડ ઉડાવે સબ દેહા સારી, કાસલ માંહેથી કાઢે બારી;
પાકજ કરે સબ ચાંદ્રણ દેહા, અધીક ઉઠાવે માંહે પીયુકા નેહા;
સતગુર સબલા જો કહી સમજાવે, તેમ તેમ મારગ સુધા પાવે;
ગુર તો ભેદ સબ ખોલી કહેવે, મારગ સઘલા તો પરગટ લેવે;
ગુર બીના બાટ ન જાણે કોઈ, ચઉદ વીદ્યા જો ભણ્યા હોઇ.

રે તુંહી...

ગુરકે પાસે જો રહે, સો ખેલે સુધા ખેલરે;
રંગ લગાવે પીયાસું, પ્રેમે આણી મેલરે. ૧૫૪

—*—

### (૧૧૮) સુરશદકા ભેદ.

ગુરૂકે પાસે જા જીતનાં રહીએ, સુરીજન સુધીયા અદકી લહીએ;
ગુરૂભી ખેલે એસા ખેલે ચેલા, કટરી પંદરી તમે દેખો મેલા;
નીશદીન ખેલો તમે સુધા જાઇ, ચીત ચેલા સબ પીયુ પર લાઈ;
કેતે દીવસ જો ચોટાં ખાવે, ગુરથી બાટ તો સુખકી પાવે;
સાચે પાસે જાકર રેહેણા, સબ કુછ પાવે અપણાં લેહેણા.

રે તુંહી...

સાચી સંગત કીજીએ, કટરી પંદરી જોગરે;
આપ બરાબર કાઢીએ, જેમ જેમ હોવે ભોગરે. ૧૫૫

—o—

### (૧૧૯) ગુરૂ મહીમા. (પાઠ ૧૫૬ થી ૧૬૦)

ગુર બીના ભેદ ન ગુર બીના ભાવા, ગુર બીના કોઈ મારગ ન પાવા;
ગુર બીના કોઇ પંડીત ન હોવે, ગુર બીના જોશી જોશ ન જોવે;
ગુર બીના જોગી જોગ ન પાવે, ગુર બીના ધાત કોઇ હાથ ન આવે;
ગુર બીના કોઈ કાજ ન લાગંતા, ગુર બીના તપીઆ તપે ન જાગંતા;
ગુર બીના હુન્નર કોઇ ન ચલંતા; ગુર બીના કોઇ પ્રેમ ન જલંતા;

રે તુંહી...

સબ બાટે ગુર કીજીએ, ગુર બીના ન આવે ઠામરે;
જુગ માંહે ગુર નહીં ભેજતા, તો કોઈ ન સરતાં કામરે. ૧૫૬

મારગ સુધા તો જા પાવે, પહેલા આપું આપ જલાવે;
પીછે ફેર રસુલજ આણો, ઉસથી બાટ દેખ પીછાણો;
પીછે મુરશદકા ભેદજ લીના, ઉને બી બાટ લગા કર દીના;
ગુરથી વાટ તો સુખસું પાઇએ, જો શાહાસું નેહડા લાતા જાઈએ;
જેણે મુરશદ સીદકસું સેવા, તીને જા ચાખ્યા સુરીજનકા મેવા.

રે તુંહી...

ગુર સબલા ઈસ જુગમાંહે, ભેજીયા અપણે ચાવરે;
સુરીજન ફલ તબ ચાખ્યા, હેતે જુગમાંહે આવરે. ૧૫૭

પંડીત ગીઆની જો અતી ભારી, તીને જોયા ઢુંઢકર સારી;
તો જા કર એ ભેદજ બોલ્યા, સુણો મુરશદ જો મીઠા બોલ્યા;
સુરીજન ફલ તો તમ માંહે રાખ્યા, સતસું ઢુંઢીઆ તીને જા ચાખ્યા;
જીને એ ફલ તો ચાખીયા હોય, સુરીજન સુખડા સો પ્રગટ જોય;
દયા ફલ જો માગા પાઇએ, તો અયર ફલકે કેડે ન જાઈએ.

રે તુંહી...

એ ફલ સુધા શાહોકા, ભાઇ દુજા સુખ ન બાયરે;
જે ફલ સદા સ્વાદ હય, સો ફલ ચાવું ખાયરે. ૧૫૮

સાચ વીના તો સરવે સુનાં, સુરીજન ફલ તો સવાદ મુખ મુંના;
સોહાગણ સો જો પ્રેમ સંજોગા, જીને એ ફલસું કીના ભોગા;
અવર ફલસું જો જીવ ન લાવે, તીસકે હાથે એ ફલ આવે;
ઇસ ફલમાંહે તો સુધા સાવા, ઈસથી કીજે જા અદકા ભાવા;
ગુર બીના એ ફલ હાથ ન આવે, સુખસું બેઠા જો ચાવું ખાવે.

રે તુંહી...

જીને નીજ ગુરૂ જાનીયા ગીનાનથી, તીને એ દખીયા ચાખરે;
શાહા જો પાયા પરગડા, અને જુગમાંહે પુરી સાંખરે. ૧૫૯

ગુરૂ બી કીજે એસા જોઇ, જીને એ ફુલ ચાખીયા હોઈ;
એસા ગુર તો જુગમાંહે થોડે, અવર સો મુરખ સુધ વીના બોડે;
જુગમાંહે ગુરૂ તો બોહોત કીલાવે, સો આપે આપકી પરતીત ન પાવે;
સતગુરૂ જુગમાંહે થોડે હોઈ, પ્રેમું બીના સો રહ્યાજ મોઈ;
મરણે આગલ જો મરણા પાવે, તો જા એ ફુલ હાથું આવે.

રે તુંહી...

એ ફુલ સુધા સવાદ હય, સો પાઈએ પુરણ સંજોગરે;
પણ કરમ નીલાડી જીસકી, તીને ચાખીયા રસ ભોગરે. ૧૬૦

## (૧૨૦) આત્માકી પ્રાપ્તી,

કરમ નીલાડી જીસકી હોવે, સો એ ફુલકું ચાખી જોવે;
સોહાગ ભોગ તીન પુરા પાયા, જીસકું એ ફુલ હાથું આયા;
ગુરકે પાસે જો જાઈ પકાવે, પુરે સવાદ સો બેઠા ખાવે;
જીને એ કેડા સુધા લીના, તીને એ ફુલકું પાકા કીના;
મરણે આગલ જીને મરણા વીશેખા, તીને એ ફુલ નેનું દેખા.

રે તુંહી...

ચાખું ન મરીએ જાં લગી, તાં લગી મીંત ન હોયરે;
મરણે પેહલા જો મરે, સો સબ દરસન જોયરે; ૧૬૧

## (૧૨૧) કાચે પાકેકા દ્રષ્ટાંત.

કાચે પાકેકા ઇતના વેહેરા, કાચલી નાળીયરકા દેખો ચેહેરા;
જબ વય કાચા હય કાચલી જેહા, જયું જયું પાકે ત્યું દેવે છેહા;
જો જાય કરકે પુરા પાકે, તબ તો કાચલીસું તીલ ન લાગે;
ભાંગી ટુકડા કરે જો કોઇ, કાચલી અલગી કદી ના હોઈ;
કાચલી ગોટેકી એહી નીશાની, જેસા ગોટા માંહે રેહેવે પાની.

રે તુંહી...

જેસી બોટી કાચલી, તેસી દેહા જાણરે;
પાકા ગોટા કીયું રહે, તીયુ તનમાં પીયુ પીછાનરે; ૧૬૨

## (૧૨૨) કાચે પાકેકા મીસાલ.

પાકા બાજ ન પાકા ખાઈએ, પાકા લગણ પકણે ધાઈએ;
પાકે જગકા તમે દેખો ચાવા, આપસ રાખો જયું ગોટે ભાવા;
ગોટે કાચલીકા કેસા મેલા, પાકા જગસું એસા ભેલા;
પાકા ફલ લે પાંજુું બાહીએ, પુરે ચાવું વેઈ બેઠા ખાઇએ;
કાચા પાંજું જો બાહીએ લોગાં, તો તત્ક્ષણ હોવે નાંખણ જોગાં.

રે તુંહી...

પાકા ફલ અતી સવાદ હય, રાજા કરે તીસે ભાવરે;
કાચા પાંજું બાહીએ, તો તત્ક્ષણ ફેરે સાવરે. ૧૬૩

## (૧૨૩) કાચે પાકેકા સ્વાદ.

કાચે પાકેકા તમે દેખો મેલા, પરગટ હોયસે કસણી વેલા;
કાચા કેડે બહોત જો ધાવે, પાકા પાંખે કુછ સવાદ ન પાવે;
જો તમે દેખો સુધા ખેલા, તો પકાવણ કેરી એ હય વેલા;
પીછે ટાણું કાંહાંથી પાઇએ, પાકા ફલ લે પાંજુ બાહીએ;
પાકા ફેલસું સહુ નેહ લાવે, તો જા અપણા સુરીજન પાવે.

રે તુંહી...

ઘટમાં દેવલ પુજીએ, ઘટમાં સુગત દીદારરે;
સાચા જપણા માંહેકા, ફોકટ જપણા બાહારરે. ૧૬૪

## (૧૨૪) દાસીકા ભાવ રાજાસું.

માંહે જપણા તમે એહી સારો, આપસ લેકર પીયુ પર વારો;
સાચી દાસીકા હય એહી કાજા, જીસકું ચાત્રે સો આપે રાજા;
આપસ ખેહા સો કીજે લોગાં, તો રાજા દાસીકા હોવે જોગાં;
દોય રાજામાંહે એકજ નગરા, માંહો માંહે તો હોવે ઝગડા;
આપણે સીસું જો રાજા પાવે, સોહી દાસી રાજાકું ભાવે.

રે તુંહી...

સાચી દાસી તીસે કહો, જીસેં રાજા કરસી ભાવરે;
લે વારે જીવ આપણા, અને પલપલ લાગે પાવરે. ૧૬૫

## (૧૨૫) જીકરકા બયાન.

કુરબાની કીજે જીવજ અપણા, ફોકટ જાવે સબ જીભું જપણા;
દેહા જીવ કુરબાની માગે, જીભું જપતાં તો હાથ ન લાગે;
જીવડા લાઇએ અવરાં સાથે, યું કયું આવે સુરીજન હાથે;
જીતના શબ્દ જીગમાંહે કહીએ, ઉસમાંહે પીયુજી પરગટ લહીએ;
જો ન લગાઈએ જીકરૂં જીવડા, તો કયું પાઇએ પીયુજી દીવડા.

રે તુંહી...

જીવ ન લાઇએ આપણા, અને જીભું જપીએ નીતરે;
કબી ન લાગે જાયકે, સાંહીઆ સાથે ચીતરે. ૧૬૬

## (૧૨૬) ઝીકરકી ખુબી. (પાઠ ૧૬૭ થી ૧૯૬)

પશુ પંખી સબ પીયુ પીયુ કહેવે, સુરીજન કાજે સો જીવ ન દેવે;
જીવ જંત જેતે જીગ માંહે, પીયુ પીયુ કરે સબ ઠાંહો ઠાંહે;
રબાબ માંહે બી તુંહી તુંહી કહેવે, સુરીજન સુધ્યા સો તીલ ન લેવે;
માણુસ મુખમાંબી યેહ જો વાણી, પીયુ પીયુ કરે પણ ધાત ન જાણી;
જો કોઇ નેહ માંહે લગાવે, સો જા અપણા સુરીજન પાવે.

રે તુંહી...

બાતાં મુખસું કીજીએ, માંહે ન લાહીએ જીવરે;
એમ સો વરસ જો ઢુંઢીએ, તો કબી ન પાવે પીરરે. ૧૬૭

સુરીજન પાંખે જો કહીં ન રેહેવે, માંહે સુરીજન નેહથી લેવે;
જીભું જપતા જો શાહા લેતા, તો ખાલી સ્વર્ગ કોઈ ન રેહતા;
કેતેક બરસ પીયુ પીયુ આંખે, સુરીજન બોલ સો ચીત ન રાખે;
જીભું જપતા જો પીયુ કોઇ પાતા, તો મુનાફક હોકર કોઇ ન જાતા;
આપ પીછાણે તો નહીં દુરીજન, નહીં તો હાથથી ખોયા સુરીજન.

રે તુંહી...

જીભું જપીએ બોહોત કર, અને માંહે ન લાઇએ નેહરે;
સો કેસા મીંતજ આખીએ, સો તો દુરીજન પુરા છેહરે. ૧૬૮

જો તમે જા કર મીંત કીલાવો, તો જીવ અપણા કહીં ન લાવો;
માંહે જપતા જનમજ તપણા, જીવડા લાઇએ પીચુ પર અપણા;
તેમ તેમ કાસલ બાહેર આવે; માંહેકે પડદે સો કતરે જાવે;
તબ પીછે ફીર ચાંદણા હોવે, તો મારગ સઘલા પરગટ જોવે;
ચાવું નીશદીન જપતા જાઈએ, ચીત સઘલા પીચુ પર લાઇએ.

રે તુંહી...

જેમ જેમ જપીએ મનમાં, અને ચાવા કીજે નીતરે;
મન ચીત લાઇએ અપણા, તો ઠામજ આવે ચીતરે. ૧૬૯

—:o:—

ઠામેં જીવડા તો જા આવે, જો નીશદીન પીચુકું જપતા જાવે;
રસુલે ઉતમ કામ જો કીતા, આપે નામ સો સુખભર લીતા;
ઉમત માંહે પીચુ પીચુ કહ્યા, આપસકું લે દુઃખ માંહે રહ્યા;
સાગર રોટી જીને કીતા ખાણા, તો ન હોવે ઉસે બાહેર જાણા;
એતા દુઃખ શીર પર સહેતા, યું કર નામ સો સુખ ભર લેતા.

રે તુંહી...

ઉમત મહમદકી સાચ હય, સો પાઇએ કરમ સંજોગરે;
નીશદીન જપીએ પીચુકું; નીત નીત કીજે ભોગરે. ૧૭૦

—*—

તો જા હોવે એક રહેમાન, નીત નીત જપીએ એક ઇમાન;
જીસકું કોઇ સુકામ જો દીતા, કોઇ જા જોગીકા ભેખજ લીતા;
કેતેકું લે બલામેં દીતા, કેતુંને આવ દરજા લીતા;
જીસકું જાઇ એ લેહે લાયા, સો પ્રેમ માંહે જાય જલાયા;
રસુલ કેરે જો કામા, નીસદીન લીજે શાહાકા નામા.

રે તુંહી...

જેતે નબી ઇસ જગ કીયે, સો રાખે નહી સુદામરે;
રસુલે એસા આંખીયા, સો જીકરે પાયા ઠામરે. ૧૭૧

ફકર માંહે જો જા રહીએ, સાસ ઉસાસે પીયુકું લહીએ;
લા ઇલાહસેંથી અલગા રહીએ, ઇલલ્લાહસેંથી જનમ જો લહીએ;
દુજી ભગતી સબ ભંગજ કહીએ, માંહે બંધન કછુ ના લહીએ;
જયું જયું દુનીયાસું દેવે છેહા, ત્યું ત્યું વાધે પીયુસુ નેહા;
જેણે મીંતે એ ભેદજ જાણીઆ, સતગુર ભેદથી દેખ પીછાણીઆ.

રે તુંહી...

ભક્તિ માંહે મુક્તિ હય, રહ્યા કોઈ ન મુકામરે;
જીસમાંહે જીકરજ આંખ્યા, તીસે રસુલે બુજાયા ઠામરે. ૧૭૨

——*——

પોથી સેહેસ્ત્ર પચાસા ઢુંઢો, કાંહાં કાંહાં તીરથ જા કર મુંડો;
કેતે દેવ ઉપાસન કીજે, દેવલ દેરા જા જા પતીજે;
વિશ્વાસ મનમાંહે બોહોતેરા લાવે, સુરીજન તો જા જીકરું પાવે;
જો કોઈ હોવે સુરીજન જોગા, સો સબ કરસી જીકરું ભોગાં;
જો કોઈ સુધા હો કર ધ્યાવે, સો જા જીકરું પાયુકું પાવે.

રે તુંહી...

દેવલ દેરા છાંડીએ, કર તીરથ સાચા લેહરે;
સુરીજન પાયા આપણા, જીને મનમાંહે કીયા નેહરે. ૧૭૩

——૦——

સોહણ દીલકી તમે એહી જાણો, પીયુજી જીકરે દેખ પીછાણો;
સુરીજન મેલા જીતના કીજે, તીતના લાભ સીરાણે લીજે;
જીસકા સાસ ઉસ્વાસ બંધાણા, સો સમ જુગમાં મીંત પીછાણા;
દમ દમ નામ પીયુકા લીજે, ઉસકું અલ્લગા કેસા કીજે;
મીંતુ કેરા જીકરજ કામા, તો જા પાઇએ સુરીજન ઠામા.

રે તુંહી...

નીશદીન જપીએ પીયુકું, પડે રહીએ દરબારરે;
કબહુક અપણે ભાવસું, સુરીજન કરસે સારરે. ૧૭૪

સુરીજન સાર તો જા કરસી, જીકર લે કર દીલમાંહે ધરસી;
નીશદીન જપીએ શાહાકા નામા, તેમ તેમ દીલ આવે ઠામા,
હયાત દીલકી જીકરૂં પાવે, જીકરે નેહડા અદકા પાવે;
જપણી કમ મ કરશો કોઇ, તો જા દીલ તેરા જીંદા હોઇ,
રસુલે આંખી એહુ જો ગાલી, દીલ ઠામ ન આવે જીકરૂં ટાલી·

રે તુંહી...

જીકર જીસે હુય પીયાકી, ભાઈ દીલબી ધારૂં એહરે;
જીંદા હોવે દીલ માંહેથી, અને અદકા વાધે નેહરે. ૧૭૫

—:o:—

દીલ તો જીંદા જીકરૂં હોવે, જીકરૂં જીવડા અપણા ધોવે;
તો જા કરસી નવસા ચોટાં, તીસથી ભાગે સબ માંહેકી ખોટાં;
જીતની ચોટાં નવસા આવે, નેહકી વાટે જો નેહ લગાવે;
તબ પીછે દીલ જીંદા હોવે, પીયુ બીના અવર કહી ન મોહોવે;
જીકર ફીકર એહ જો ભાવા, પીયુ બીના હોવે સર્વ અભાવા.

રે તુંહી...

જીકર જો લાગે પીયાસું, તીસે અવર ન ભાવે ચીતરે;
કડવા હોવે સબ જુગ, અને પરખે અપણા મીંતરે. ૧૭૬

—*—

એલમ ઈમાન સબ ઝોકરજ કહીએ, નીશદીન પીયુકું જપતે રહીએ;
જયું જયું જપતા છાના જાવે, ત્યું ત્યું કલમા ઉગતા આવે;
ઇમાન સરીખા ચાંદ્રણ હોવે, સારા અંધારા માંહેથી ખોવે;
પઇકે કેરા તેલજ કહીએ, ઉસમે ચાંદ્રણાં પરગટ લહીએ;
તુજમે ઇમાન સરીખા હોવે, ગફલત માંહેકી દુરજ ખોવે;

રે તુંહી...

જીસમાંહે ઈમાન પરગટયા, તીસે ગફલત હોવે દુરરે;
ત્યાં અંધેરા કયા કરે, જયાં સતગુર કેરા નુરરે. ૧૭૭

લા ઈલાહ નાવે પાંઉ જો દીજે, ઈલલ્લાહસેંથી પારજ લીજે;
નબીકા દરીઆ તરીયા ચાવે, તો ઈલલ્લાહસેંથી નેડે પાવે;
બાટે ચલતાં ચોરજ લાગે, સો નેહકી બાટે નીકલ ભાગે;
પીયુકે પ્રેમકી જીસ લાગી ચોટા, ભીતર ભેદા તીસ ભાગી ખોટા;
એતો કલમા જીસ દીલ ચોટા, સો જા પીયુકે મીંદર પોતા.

રે તુંહી...

અલ્લાહ સુબ્હાન જીને કીયા, ઈલલ્લાહ દીયા કરારરે;
પીયુ મીંદર જીને દેખીયા, સો તર કર લંગીઆ પારેરે. ૧૭૮

—*—

નબી મુરસલ જેતે કેતે, સો સબ પોતે નામજ લેતે;
જ્યું જ્યું કલમા ઉગતા આવે, ત્યું ત્યું ઉજાલા અદકા પાવે;
સાચા દફતર હૈયા તેરા છાપા ઉઠે માંહે કલમે કેરા;
જીભે જપણાં દુરીજન ઠાંહે, નકશ ન ઉઠે કુછ હઈડા માંહે;
દીલકી જીકરે જો જાઈ બંધાણા, સો સબ કલમેં સાથ સીધાણા.

રે તુંહી...

દીલકી જીકરજ સાધીએ, ચીતજ સગલા લાયરે;
એસી જુગતી જો કરે, સો સબ દરસન પાયરે. ૧૭૯

—:o:—

દીનજ કેરી બાટ જો કહીએ, સાચ પાંખે સાચ તીલ ન લહીએ;
સેવા મુશરક જીસમેં જીતના, જનમ ડુબાણા અપણા તીતના;
હકજ કેરી જીકરજ હોવે, એક મકરસું સો સારા ખોવે;
સાચે મને જો બાટે ચલીયા, સો સબ પોતા નઈડે રલીયા;
મકર ભાવ તો જીન કીન કીયા, સયતાન દરજા ઉને જા લીયા.

રે તુંહી...

એતો સાચી વાટ હય, મકર ન આવે કામરે;
દીલ ફેરાવ્યા આપણા, તો શયતાન પાવે ઠામરે. ૧૮૦

તસબી પડણેંસે સબ જુગ મોહોવે, એક મકરસું સારી ખોવે;
જીકર એ હય છાના કામા, સાસ ઉસાસે હઇડે ઠામા;
લોણે લીયા જેમ ગાંઠ પટોલે, એસે ચાવે પીયાસું ખેલે;
જીભું જપતા બહોતજ જાવે, ઘેન પડયા તીસે મન ન આવે;
ઉનકા ભેદ જેણે મીંતે જાણા, તીસકું મીલીયા ઝીકર ઠેકાણા.

રે તુંહી...

તસબી બહોતજ કીજીએ, માંહે ન લાઇએ ચીતરે;
ઘેન પડયા જીસ મનમાં. સો કદી ન હોવે મીંતરે. ૧૮૧

પીયુ સમરણાં જે કોઇ લોણે, સો અપણા સાસ ખાલી ન છોડે;
જીભું જપતા ઠામ ન આવે, બાટે ચલીયા પીયુ બીન જાવે;
સાસ ઉસાસ જો પીયુ બીન ખોવે. સો સબ જાણો મુરદારજ હોવે;
શાહા બીના ખોટે તલ નાં જાવે, માણક અપણા ખોઈ ગમાવે;
બાહેર નીકલતા લા ઈલાહ તાણો, ઇલલ્લાહસેંથી તમે ઘટમાં આણો.

રે તુંહી...

જો દમ જાવે પીયુ બીના, સો જાણો મુરદારરે;
જયું દરીયાકી સંખલી, સો કીસ બીધ કીજે બહારરે. ૧૮૨

દમણે દમ જો બાહેર જાવે, સો જાકર કછુ મુલ ન પાવે;
સાસ ઉસાસ જીતના લેવે, તીતની ગુજજ અદકી લેવે;
પ્રેમ દમ જો પીયા બીન જાવે, પાઇકે કેરા વો મુલ ન પાવે;
એતો ધ્યાન બાહેરકા કહીએ, સાચી ઝીકરમાંહે શાહાસું રહીએ;
મન સમજાય કર એતના જોણા, લોહા કારણ ઝવાહીર કયું ખોણા.

રે તુંહી...

ઝવાહીર ખોયા હાથસું, જો જુગમાંહે અમોલરે;
સો ન પાઈએ દામથી, સો લીજે સરકે તોલરે. ૧૮૩

જો જાણો માંહે ચોખા કીજે, તો ઇલલ્લાહ શીકલ નીસદીન દીજે;
ફીસકા મેલ સો કીસથી જાવે, દીલકા મેલ સો ઝીકર ગમાવે;
નબીકે બાટકી એહી નીશાની, સો સબ શીકલ દીલકી જાની;
નીરમલ ચાંદ્રણાં માંહે હોવે, તો જા શાહાકું નેણે જોવે;
આરસી દેખો તમે પરતક ગાલી, મુખ ન દીસે નીરમલ ટાલી.

રે તુંહી...

અંતર નહીંરે સાંહીયા, જો ઘટ નીરમલ હોયરે;
કાટ ભરાણી આરસી, તો મુખ ન દીસે કોયરે. ૧૮૪

---

મુખડા તો જા ઝીકરૂં દેખો, આપસકું માંહે ઝીકર વીસેખો;
સબ લોહામાંહે આયના હોવે, કાટ ટલે તબ મુખડા જોવે;
જો કાટ ઉપરથી સઘલા ખોવે, તબ તો ઝીકરે શાહા મુખ જોવે;
દીલકા કાટ તો એસા જાણો, લોહા આયના તમે દેખ પીછાણો;
ઝીકરે દીલ લગાકે આણો, તો દીલકા આયના જા દેખ પીછાણો.

રે તુંહી...

દીલમેં આયના પરગડા, સો શાહ મુખ દેખણુ જોગરે;
કાટ ટલે જબ માંહેકા, તબ દરસન કીજે ભોગરે. ૧૮૫

---

રાત દીવસ જો ચાવા કરસી, ઝીકરમાંહે દીલજ ધરસી;
નીત નીત પીયુસું આવે જાવે, દીલકી ઝીકરે સુધા પાવે;
સાચી ઝીકરસું જીવડા લાવે, હવા હીરસ સબ ખોઇ ગમાવે;
દમ કદમ જો ઝીકરે રેહેવે, પીસુ[illegible] સુધ તો સઘલી લેવે;
એસી ગુજ દીલમાંહે કીજે, તો રોમે રોમે સબ પ્રેમુ ભીજે.

રે તુંહી...

હઇડા લાઇએ પીયુશું, તો પીયુ તમ ઘર હોયરે;
જબ દોનું હઇડે મીલ ચલે, તાંકી સુધ ન બુજે કોયરે. ૧૮૬

જીવ સાસ હોય નેડ રેહેવે, જીવકી સુધ્યા પીયુકું કેહેવે;
નીશદીન સાસ ઉસાસ ન ખોવે, તો સુધ છાની સો માંહે જોવે;
નેડ રેહેવે સબ દાસજ કહેવે, પીયુકું જપતા જો તીલ ન રહેવે;
ખાસા દીવાન દીલકા કહીએ, ઇસ બીન માહાલ કોઇ ન લહીએ;
જો તું જા કર લોણુ ગેમાર, તો કીરત ન રહેસી માંહેકી સાર.

રે તુંહી...

દમકી ખાસજ કીજીએ, ભાઇ જો જા રહીએ પાસરે.
નીશદીન દોડે પીયુ ઘર, તીલ ન ખોવે સાસરે. ૧૯૭

જો તમે જાણો સાસજ મારૂં, માંહેકા કાજ મેં અપણા સારૂં;
નબીએ જીસથી પીયુ પીછાણ્યા, માંહેકા મોહોલ તો ઓ નહી જાણ્યા;
બાકી નફર સબ બાહેર રેહેવે, માંહેકા મોહોલ સો કોઈ ન લેવે;
બાલું બાલાં ઓર ઠાંહો ઠાંહે, દમ ફેરાવે સઘલે માંહે;
જેણે મીંતે એ બાતજ જાણી, સો સબ ચાલે વાટ પીછાણી.

રે તુંહી...

જે કોઇ મીંત સુજાણ થે, તીને એ દેખ્યા બુજરે;
